RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 191* Date: 09.05.2020 * Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### લોકડાઉનની કરૂણ અને માનવીય સંવેદનાના તારોને હચમચાવનારી કમકમાટીભરી ઘટના

# ઔરંગાબાદમાં માલગાડીએ પ્રવાસી મજૂરોને કચડ્યા: ૧૬નાં મોત

*ઔરંગાબાદ,તા.૮*

આખો દેશ લોકડાઉનમાં કેદ છે ત્યારે માનવીય સંવેદનાને હચમચાવી દે એવી એક ઘટનામાં કોરોના લોકડાઉનથી ત્રસ્ત ગરીબ-લાચાર બેબસ કેટલાક શ્રમિકો પોતાની નોકરી- ધંધો છોડીને, ગામડે પોતાના નાનકડા ઘરે પરિવારની સાથે બેસીને સુખદુ:ખની વાતો કરવાના શમણાં જોઇને પગપાળા જઇ રહ્યાં છે. આવા જ કંઇક શમણાં જોતા જોતાં પોતાના ઘરે જવા નિકળેલા કેટલાક શ્રમિકો રેલવેના પાટે પાટે સતત ચાલીને થાકથી લોથપોથ થઇને રેલવેના પાટા પર માથુ મૂકીને સૂઇ ગયેલા એ શ્રમિકો પૈકી ૧૫ અભાગિયા શ્રમિકોને શું ખબર કે વિધાતાના લેખમાં તેમના માટે રેલવેના પાટા પર જ કાયમ માટે પોઢી જવાનું લખાયેલું છે અને તેઓ ક્યારેય પોતાના ગામ કે ''ધરતીનો છેડો ઘર'' સુધી પહોંચી શકવાના નથી.....!







ભલભલાના આંખમાં આંસુ લાવી દે એવી આ કરૂણ ઘટના મહારાષ્ટ્રના ઔરંગાબાદ નજીકના કરમાદ ગામની નજીક રેલવેના પાટા પર સૂઇ ગયેલા મધ્યપ્રદેશના શ્રમિકો સાથે ઘટી હતી. જેમાં જે રેલવેના પાટા પર શ્રમિકો સૂઇ ગયા હતા એ જ પાટા પરથી આજે વહેલી સવારે એક માલગાડી એકાએક પસાર થતાં તેના પૈડા લોકડાઉનની હારેલા શ્રમિકોના શરીર પરથી પસાર થતાં ઓછામાં ઓછા ૧૫ શ્રમિકોના શરીરના ટુકડે ટુકડા થઇ ગયા હતા. કેટલાક ઘાયલ થયા હતા. પોતાની સાથેના શ્રમિકોના લોહીથી લથબથ અને ક્ષતવિક્ષત શરીરના અંગો જોઇને બચી ગયેલા સાવ દિગ્મૂઢ બની ગયા હતા અને એક પળમાં શું બની ગયું તે વિચારે તે પહેલા તો કેટલીય જિંદગીઓ કોરોના લોકડાઉન ખતમ થાય તે પહેલા ખતમ થઇ ગઇ હતી. આ શ્રમિકો એમ માનીને રેલવેના પાટા ઉપર સૂઇ ગયા કે લોકડાઉનમાં રેલવે બંધ છે તેથી રેલગાડી આવવાની તો કોઇ શક્યતા છે જ નહીં અને તેથી તેઓ સલામત છે. પરંતુ કાળનું કરવુ કે પેસેન્જર ટ્રેન તો નહીં પણ ગુડઝ ટ્રેન તેમના પર ફરી વળી હતી.

આ ઘટના કે દુર્ઘટનાની વિગતો પ્રમાણે, મહારાષ્ટ્રના ઔરંગાબાદમાં રેલવે ટ્રેક પર ૧૬ પ્રવાસી મજૂરો માલગાડીમાં આવી જતા મોત થયા છે. તમામ મજૂર મધ્યપ્રદેશ જઈ રહ્યા હતા. દુર્ઘટના ઔરંગાબાદની પાસે આવેલા કરમાડ સ્ટેશન પાસે બની હતી. ઘટના એ વખતે બની જ્યારે મજૂર રેલવે ટ્રેક પાસે સૂઈ રહ્યા હતા. બે લોકો ઘાયલ થયા છે.

રેલવે મંત્રાલયે જણાવ્યું કે, ઘટના બદનાપુર અને કરનાડ સ્ટેશન વચ્ચેની છે. આ વિસ્તાર રેલવેના પરમણી- મનમાડ સેક્શનમાં આવે છે. શુક્રવાર સવારે ઘણા મજૂરો રેલવે ટ્રેક પર સૂતા હતા. માલગાડીના ડ્રાઈવરે તેમને જોઈ લીધા હતા, બચાવવાના પ્રયાસ પણ કર્યા, પણ દુર્ઘટના બની ગઈ હતી. કેસની તપાસના આદેશ આપી દેવાયા છે.જ્યારે, કરમાડ પોલીસે જણાવ્યું કે, આ શ્રમિકો જાલનાથી ભુસાવલ જઈ રહ્યા હતા. તેઓ રેલવે ટ્રેકની બાજુમાં જ ચાલી રહ્યા હતા. થાકી ગયા તો પાટા પર જ સુઈ ગયા હતા. શુક્રવારે સવારે પાંચ વાગ્યે તે ગુડઝ ટ્રેનના સંકજામાં આવી ગયા હતા

આ બધા મજૂર મધ્યપ્રદેશના ઉમરિયા અને શાહદોલ જિલ્લાના રહેવાસી હતા જેઓ તેમના ઘરે પરત ફરી રહ્યા હતા. પોલીસે જણાવ્યું હતું કે આ અકસ્માત ઔરંગાબાદના કરમાડ નજીક સવારે ૫.૧૫ વાગ્યે થયો હતો, જેમાં ૧૪ મજૂર મૃત્યુ પામ્યા હતા, જ્યારે બે અન્ય ઘાયલ થયા હતા. ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

કરમાડ પોલીસ સ્ટેશનના એક અધિકારીએ એજન્સીને જણાવ્યું હતું કે, આ તમામ મજૂરો જલાનાથી ભુસાવલ જઇ રહ્યા હતા. બધા કામદારો મધ્યપ્રદેશમાં તેમના ઘરે પરત ફરી રહ્યા હતા. અધિકારીએ વધુમાં માહિતી આપી હતી કે આ લોકો રેલ્વે ટ્રેક ઉપર ચાલતા હતા. તે જ સમયે, થાકને કારણે, આ લોકો રેલ્વે ટ્રેક પર સૂઈ ગયા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ ગંભીર દુર્ઘટના પ્રત્યે દુ:ખ વ્યક્ત કર્યું છે. તેમણે રેલવે મંત્રી પીયૂષ ગોયલ સાથે વાત કરી હતી. સ્થિતિ પર નજર રાખવામાં આવી છે. દરેક સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે, એવી ખાતરી આપી હતી.

જ્યારે, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આ દુર્ઘટના અંગે ટ્વીટ કર્યું હતું કે, માલગાડીથી કચડાઈ જવાથી મજૂર ભાઈ-બહેનોના મોત થવાથી હેરાન છું. આપણને આપણા રાષ્ટ્ર નિર્માણકર્તાઓ સાથે કરવામાં આવી રહેલા વ્યવહાર પર શરમ આવવી જોઈએ. જે લોકોના મોત થયા છે તેમના પરિવાર સાથે પ્રત્યે સંવેદના વ્યક્ત કરું છું અને ઘાયલો ઝડપથી સાજા થઈ જાય તેવી પ્રાર્થના કરું છું.

મહારાષ્ટ્ર સરકારે મૃતકોના પરિવારજનોને ૫-૫ લાખ રૂપિયાની રાહતની જાહેરાત કરી છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી કાર્યાલય વતી કહેવામાં આવ્યું છે કે, ''કરમાડ (ઔરંગાબાદ) ટ્રેન દુર્ઘટનામાં મૃતકના પરિવારોને પાંચ લાખ રૂપિયાની રાહતની રકમ જાહેર કરવામાં આવી છે.'' ગૃહમંત્રી અમિત શાહે પણ અસરગ્રસ્ત પરિવારોને સાંત્વના આપી છે.

આ સાથે જ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે પણ તમામ મૃતકોના સગાઓને પાંચ લાખ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી છે. બીજી તરફ, મંત્રી અને આદિજાતિ વિકાસ વિભાગના સ્થાનિક ધારાસભ્ય મીના સિંહ આ મજૂરોના મૃતદેહને ઉમરિયા લાવવા માટે ખાસ વિમાનથી ઔરંગાબાદ જવા રવાના થયા હતા

ગૃહમંત્રી અમિત શાહે અકસ્માત અંગે શોક વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું, ×મહારાષ્ટ્ર ટ્રેન અકસ્માતમાં પરપ્રાંતિય મજૂરોના મોત પર દુ:ખ શબ્દોમાં કહી શકાય નહીં. મેં રેલવે પ્રધાન પિયુષ ગોયલ અને કેન્દ્ર અને રેલ્વેના સંબંધિત અધિકારીઓ સાથે વાત કરી છે કે તેઓ તેમની દરેક શક્ય મદદ કરે.× અકસ્માતમાં અસરગ્રસ્ત પરિવારો પ્રત્યેની મારી સંવેદના.

## ભારતીય સેના આક્રમક: પાકિસ્તાનની ૪ ચોકરીઓ ઉડાવી, ૪ પાક.સૈનિક ઠાર

*ન્યુ દિલ્હી,તા.૮*

ભારતીય સેનાએ પાકિસ્તાન વિરૂદ્ધ મોટી કાર્યવાહી કરી છે. જમ્મુ-કાશ્મીરના પુંછ સેક્ટરમાં છેલ્લા ૩ દિવસથી પાકિસ્તાની સૈના દ્વારા કરવામાં આવી રહેલા ગોળીબારનો આજે ભારતીય સેનાએ આકરો જવાબ આપતા ૩ થી ૪ પાક. સૈનિકોને ઠાર માર્યા હતાં. આ કાર્યવાહીમાં અન્ય ૫ પાકિસ્તાની સૈનિકો ગંભીર રૂપે ઘાયલ થયા છે.

ભારતીય સૈન્યએ કરેલી એટલી તો આક્રમક હતી કે પાકિસ્તાની સેનાની ૪ ચોકીઓના ફૂરચે ફૂરચા ઉડાડી દીધા હતાં. ભારતીય સેનાએ હંદવાડામાં થઈ રહેલા આતંકી હુમલાને લઈને પાકિસ્તાનને સણસણતો જવાબ પણ આપ્યો છે.

હાલ દુનિયા આખી કોરોના વાયરસની દવાઓ અને તેનો ઉકેલ લાવવાના પ્રયાસો કરી રહી છે ત્યારે પાકિસ્તાન પોતાની નાપાક હરકતોમાંથી બાજ નથી આવી રહ્યું. નિયંત્રણ રેખા પર તે છેલ્લા કેટલાક દિવસથી સતત સંઘર્ષ વિરામનો ભંગ કરીને ગોળીબાર કરી રહ્યું હતું. ભારતીય સેનાએ પણ પાકિસ્તાનની આ હરકતનો જવાબ તેની ૪ ચોકીઓ તોડી પાડીને આપ્યો છે.

ગત મહિને કુપવાડા જીલ્લામાં રંગવાર ક્ષેત્રમાં પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં ૩ નાગરિકોના મોત નિપજ્યા હતાં. જ્યારે તે પહેલા પુંછ અને કઠુઆ જીલ્લામાં નિયંત્રણ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ નજીક પાકિસ્તાની સેનાએ કોઈ જ પ્રકારની ઉશ્કેરણી વગર જ ગોળીબાર અને મોર્ટાર મારો કર્યો હતો. જેમાં ૪૫ વર્ષીય ભારતીય મહિલાનું મોત નિપજ્યું હતું.

અધિકારીઓના જણાવ્યા પ્રમાણે બાલાકોટની સાથે મેંઢરમાં પણ અનેક કલાકો સુધી પાકિસ્તાન તરફથી સંઘર્ષ વિરામનું ઉલ્લંઘન કરવામાં આવ્યું ત્યાર બાદ ભારતીય સેનાએ કાર્યવાહી કરવી પડી હતી. આ કાર્યવાહીમાં પાકિસ્તાની સેનાના ૩ થી ૪ જવાનો માર્યા ગયા છે જ્યારે અન્ય ૫ જવાનો ગંભીર રૂપે ઘાયલ થયા છે. ભારતીય સેનાએ મોર્ટાર દાગીને પાકિસ્તાન સૈન્યની ૪ ચોકીઓના પણ ફૂરચા ઉડાડી દીધા છે.

### કોરોના સંક્રમિતોનો આંકડો ૫૬૦૦૦ને પાર,૧૯૦૦ લોકોના મોત

## દેશમાં ૨૪ કલાકમાં ૩૩૯૦ પોઝિટિવ કેસ: ૧૦૩ લોકોના મોત

*ન્યુ દિલ્હી,તા.૮*

સ્વાસ્થ્ય વિભાગે શુક્રવારે સવારે નવા આંકડા બહાર પાડ્યા હતા જેમાં કુલ કન્ફર્મ કેસની સંખ્યા ૫૬,૩૪૨ આવી છે. તે પૈકીના ૧,૮૮૬ લોકોના મોત થયા છે પરંતુ સદનસીબે ૧૬,૫૩૯ લોકો સાજા થયા છે. હાલ દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ૩૭,૯૧૬ જેટલી છે. છેલ્લા ૨૪ કલાકમાં નવા ૩,૩૯૦ કેસની પૃષ્ટિ થઈ છે અને ૧૦૩ લોકોના મોત થયા છે.

મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧,૩૦૦થી વધારે લોકો કોરોનાથી સંક્રમિત આવ્યા છે અને તેમાં માત્ર મુંબઈના દર્દીઓની સંખ્યા ૬૮૦ છે. મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમણનો કુલ આંકડો ૧૭,૯૭૪ છે અને તેમાંથી માત્ર મુંબઈના કોરોનાગ્રસ્ત લોકોની સંખ્યા ૧૧,૩૯૪ છે. મુંબઈના ૪૩૭ દર્દીઓ સાથે મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કુલ ૬૯૪ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

આ તરફ દિલ્હીમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા વધીને ૫,૯૮૦ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં દિલ્હીમાં નવા ૪૪૮ કેસ સામે આવ્યા છે જે એક જ દિવસનો રેકોર્ડ સમાન આંકડો છે. ચોંકાવનારી વાત એ છે કે, દિલ્હીમાં માત્ર છ જ દિવસમાં ૨,૦૦૦ લોકો કોરોનાથી સંક્રમિત થયા છે.

ગત ૩૦ એપ્રિલ સુધી દેશમાં કુલ કન્ફર્મ કેસની સંખ્યા ૩૩,૦૦૦ જેટલી હતી જે મે મહીનાના શરૂઆતના સાત દિવસોમાં જ વધીને ૫૬,૦૦૦ થઈ ગઈ છે. મતલબ કે, છેલ્લા સાત જ દિવસમાં નવા ૨૩,૦૦૦ કેસ સામે આવ્યા છે. તે સિવાય ૩૦મી એપ્રિલ સુધીમાં કોરોનાના કારણે કુલ ૧,૦૫૭ લોકોના મોત થયા હતા જે આંકડો વધીને ૧,૮૮૬ થઈ ગયો છે. મતલબ કે, છેલ્લા સાત દિવસમાં વધુ ૮૦૦ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. જો કે, કોરોનાના કારણે લોકો ઝડપથી સાજા થઈ રહ્યા છે તે રાહતના સમાચાર છે. ૩૦મી એપ્રિલ સુધીમાં આશરે ૮,૦૦૦ લોકો સાજા થયા હતા જે આંકડો હવે ૧૬,૦૦૦થી વધી ગયો છે. મતલબ કે, સાજા થનારા લોકોની સંખ્યામાં બમણો વધારો થયો છે.

## દિલ્હીમાં એમ્બ્યુલન્સ સેવાના ૪૫ કર્મચારીઓ કોરોનાની ચપેટમાં

*ન્યુ દિલ્હી,તા.૮*

દિલ્હીમાં કોરોના સંક્રમણ વધતુ જઇ રહ્યું છે. હવે લક્ષ્મી નગરનાં કૈટ્સ એમ્બ્યુલન્સ સેવાનાં ૪૫ કર્મચારીઓ કોરોના પૉઝિટિવ મળી આવ્યા છે. ૮૦ કર્મચારીઓનો ટેસ્ટ થયો છે. આ ઘણી જ લાપરવાહીનો મુદ્દો છે, કેમકે કૈટ્સ એમ્બ્યુલન્સ દ્વારા દર્દીઓને હૉસ્પિટલ પહોંચાડવામાં આવી રહ્યા છે. કેટલાક કૈટ્સ ઑફિસરનો પરિવાર પણ કોરોનાની ઝપટમાં આવી ગયો છે.

ઉલ્લેખનીય છે કે દિલ્હીમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા ૬ હજાર સુધી પહોંચવા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૪૪૮ નવા કેસ સામે આવ્યા છે. ચોંકાવનારી વાત એ છે કે તમામ સાવધાનીઓ છતા સંક્રમણનું ચક્ર તૂટી નથી રહ્યું. ચોંકાવનારી વાત એ છે કે દિલ્હીમાં ફક્ત ૬ દિવસની અંદર ૨ હજાર લોકો કોરોના સંક્રમિત થયા છે. દિલ્હીમાં ૧ મેનાં રોજ ૨૨૩, ૨ મેનાં ૩૮૪, ૩ મેનાં ૪૨૭, ૪ મેનાં ૩૪૯, ૫ મેનાં ૨૦૬, ૬ મેનાં ૪૨૮ અને ૭ મેનાં ૪૪૮ કોરોનાનાં કેસ સામે આવ્યા છે.

દિલ્હીમાં ૨૪થી ૩૦ એપ્રિલની વચ્ચે કોરોનાનાં કેસ ૧૧.૨ દિવસમાં ડબલ થઇ રહ્યા હતા, જે ૧થી ૭ની વચ્ચે ૯.૨ દિવસમાં ડબલ થઈ રહ્યા છે. કોરોનાની દહેશતની વચ્ચે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ માને છે કે દિલ્હીવાળાઓએ હવે કોરાનથી લડવાનું શીખવું જ પડશે અને કોરોનાની વચ્ચે જીવવાની આદત પાડવી પડશે.

### કોચી ઉતરેલા પાંચ લોકોમાં કોરોનાના લક્ષણ

## ભારતીયોને લઈને યૂએઈથી પરત ફર્યા બે વિમાન, ૩૬૩ મુસાફરોની 'વતન વાપસી'

*કોચ્ચિ,તા.૮*

કોરોનાના કારણે સમગ્ર વિશ્વમાં લોકડાઉનની સ્થિતિ વ્યાપેલી છે જેથી લોકોને તેઓ જ્યાં છે ત્યાં જ રોકાઈ રહેવા ફરજ પડી છે. જો કે, લોકડાઉનના કારણે સમગ્ર વિશ્વમાં ફસાયેલા ભારતીયોની વતનવાપસી શરૂ થઈ ગઈ છે અને ગુરૂવારે બે ઈન્ટરનેશનલ ફ્લાઈટ દ્વારા ભારતના ૩૬૩ પ્રવાસી નાગરિકો કેરળ પહોંચ્યા હતા. ભારત સરકાર 'વંદે ભારત મિશન' અંતર્ગત ભારતીય લોકોને સ્વદેશ લાવવાનું કામ કરી રહી છે તથા દુબઈથી આવેલી એર ઈન્ડિયાની એક ફ્લાઈટ કોઝિકોડ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર અને બીજી ફ્લાઈટ કોચી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતરી હતી.

દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટથી આવેલી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ રાતે ૧૦:૪૫ કલાકે કોઝિકોડ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતરી હતી તથા તેમાં ૧૭૭ ભારતીય નાગરિકો અને પાંચ નવજાત સવાર હતા. એરપોર્ટ પર ઉતાર્યા બાદ તે તમામ લોકોનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું અને તેમને બધાને ૧૪ દિવસ માટે ક્વોરેન્ટિનમાં રહેવુ પડશે. ભારત સરકાર હાલ અન્ય દેશોમાં ફસાયેલા ભારતીયોને પાછા લાવવા માટે પણ આ પ્રકારની ફ્લાઈટ્સની વ્યવસ્થા કરી રહી છે.

તેના પહેલા વંદે ભારત મિશન અંતર્ગત એર ઈન્ડિયાની પહેલી ફ્લાઈટ અબૂધાબી ઈન્ટરનેશનલ એરપોર્ટથી રાતે ૧૦:૦૯ કલાકે કોચી એરપોર્ટ પહોંચી હતી જેમાં ૧૭૭ મુસાફર અને ચાર નવજાત સહિત કુલ ૧૮૧ ભારતીય નાગરિકો સવાર હતા. તે પૈકીના પાંચ લોકોમાં કોરોનાના લક્ષણો જોવા મળ્યા છે જેથી તેમને જિલ્લા હોસ્પિટલ અલુવાના આઈસોલેશન વોર્ડમાં રાખવામાં આવ્યા છે. તે સિવાય શારીરિક સમસ્યા ધરાવતા એક મુસાફરને એર્નાકુલ જિલ્લા પ્રશાસન તરફથી શોર્ટ-સ્ટે ક્વોરેન્ટિન હોમમાં રાખવામાં આવ્યો છે.

**ગુજરાતમાં ૦૭.૦૫.૨૦૨૦ના સાંજે ૫ વાગ્યાથી ૦૮.૦૫.૨૦૨૦ના સાંજે ૫ વાગ્યા સુધી નવા ૩૯૦ પોઝિટિવ કેસ નોંધાયા,૨૪ લોકોનાં મોત ,૧૬૩ લોકોને ડિસ્ચાર્જ કરાયા**

**નવા ૩૯૦ કેસમાંથી અમદાવાદમાં ૨૬૯,વડોદરા-સુરત ૨૫,અરવલ્લી ૨૦,ગાંધીનગર ૯,બનાસકાંઠા ૮,ખેડા-જામનગર-સાબરકાંઠા ૭,પંચમહાલ ૬,બોટાદ ૩,ભાવનગર-આણંદ-ગીર સોમનાથ-મહિસાગરમાં ૧ કેસ નોંધાયો**

**રાજ્યમાં કુલ કેસ : ૭૪૦૩**

**રાજ્યમાં કુલ મોત : ૪૪૯**

**રાજ્યમાં કુલ સ્વસ્થ : ૧૮૭૨**

**જિલ્લા વાઈસ કેસ :**

**અમદાવાદ-૫૨૬૦,વડોદરા-૪૬૫,સુરત-૮૨૪,રાજકોટ-૬૪,ભાવનગર-૮૪**

**આણંદ-૭૭,ગાંધીનગર-૯૭,પાટણ-૨૪,ભરૂચ-૨૭**

**નર્મદા-૧૨,બનાસકાંઠા-૭૫,પંચમહાલ-૫૭**

**છોટાઉદેપુર-૧૪, અરવલ્લી-૬૭,મહેસાણા-૪૨,કચ્છ-૭,બોટાદ-૫૧,પોરબંદર-૩**

**ગીર-સોમનાથ-૪,દાહોદ-૧૯,ખેડા-૨૭,મહીસાગર-૪૨,સાબરકાંઠા-૧૭,નવસારી-૮**

**વલસાડ-૬,ડાંગ-૨,દ્વારકા-૪,તાપી-૨,જામનગર ૧૬,જૂનાગઢ-૨,મોરબી,સુરેન્દ્રનગરમાં ૧ કેસ થયો**

**(નોંધ : આરોગ્ય વિભાગ, ગાંધીનગરથી આવતી પ્રેસ નોટ મુજબ આંકડા છે)**

## તંત્રી સ્થાનેથી...

# કોરોનાનો દૈત્ય સૌ માટે સબક સમાન

માનવ જીવન કે અર્થતંત્ર? આ ગજબનાક દુવિધાએ મહાસત્તા અમેરિકાને ભરડો લીધો છે. અત્યાર સુધી અમેરિકામાં કોવિડ-૧૯ના ૭ લાખ કેસ છે, જે એ સત્તાવીસ હજારને ભરખી ગયો છે. લોકડાઉન વચ્ચે ય આ સિનારિયો છે. હવે ડૉનલ્ડ ટ્રમ્પ બધા નિયંત્રણ હળવા કરવા માટે કૂદાકૂદ કરે છે. પરંતુ એ આવકાર્ય છે ખરું?અમેરિકન નિષ્ણાતો લોકડાઉન હટાવવા સાથે લાલબત્તી બતાવે છે. એટલું જ નહિ ત્યાંની વિવિધ અને નામાંકિત સંસ્થાએ ભયંકર પ્રોજેકશન પેશ કર્યું છે. એ મુજબ અમેરિકામાં પહેલી જૂન સુધીમાં કોવિડ-૧૯ના રોજ બે લાખ નવા કેસ નોંધાશે અને ત્રણ હજારનાં મોત થશે. હાલના દર કરતા આ બમણો અંદાજ છે.અમેરિકામાં કોરોના ત્રીજા તબક્કામાં ભયંકર વિનાશ વેરશે એવી ધાસ્તી વચ્ચે ટ્રમ્પ વહીવટતંત્રે આ પ્રોજેકશનને નકારી કાઢયું છે. આ પ્રોજેકશનવાળા અહેવાલમાં સોશિયલ ડિસ્ટન્સીંગમાં તસુભાર રાહત આપવાનો વિરોધ કરાયો છે. અમેરિકાની અનેક હૉસ્પિટલમાં કોરોના વાઈરસના દર્દીઓ માટે બેડ નથી અને સ્મશાનમાં મૃતકો માટે જગ્યા નથી.લાંબા સમયના લોકડાઉનને પ્રતાપે અમેરિકાના અર્થતંત્રને મોટો ફટકો પડયો છે. આમેય અગાઉ મંદી હતી અને એમાં આ દુકાળમાં અધિક માસ. હાલ ત્યાં ૧.૭ કરોડ બેકાર છે. આ આંકડો ઐતિહાસિક ગ્રેટ ડિપ્રેશનની બેકારીને વટાવી જશે, તેવી ગણતરી મુકાય છે.પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ માટે એક બાજુ ખીણ ને બીજી બાજુ વાઘ જેવી સ્થિતિ છે. પ્રમુખપદની ચૂંટણી નજીક આવી રહી છે, ત્યારે તેમણે બધે મોરચે જીત મેળવવી જરૂરી છે. અર્થતંત્રને થોડુંઘણું ચેતનવંતુ બનાવવા માટે તેઓ લોકડાઉન હટાવવા માગે છે, પણ ઈકોનોમી સુધારવામાં ક્યાંક કોવિડ-૧૯ ઉપાડો લે તો નવી ઉપાધિ.અમેરિકન પ્રજાએ ખાસ તો બૌદ્ધિકો ટ્રમ્પ સરકાર પર ખફા છે. અરાજકતા અને અંધાધૂંધી વચ્ચે જીવલેણ રોગચાળાની કંગાળ સમજ, સબ-સલામતનો ભ્રામક સંદેશ, વ્યવસ્થિત રાષ્ટ્રીય યોજનાનો અભાવ અને સક્ષમ - કાબેલ નેતાગીરીના અભાવ જેવા તાતા તીર ટ્રમ્પ ભણી તંકાયેલા છે.આ કેસ માત્ર અમેરિકા કે ટ્રમ્પનાં નથી, આખી દુનિયાનો છે. ભારતની જ વાત કરી તો મુંબઈ, અમદાવાદ અને દિલ્હીની હાલત જુઓ. મમતા બેનર્જીએ બહુ પ્રવાસ કર્યો પણ પ. બંગાળની સ્થિતિ પણ છાપરે ચડીને ચાડી ખાવા માંડી છે. કબૂલ કે અર્થતંત્રને દોડતું ન કરી શકાય પણ ડગડગુ ચાલતું ય કરવું જ જોઈએ. પરંતુ આ માટે દષ્ટિવંત નેતાગીરી અને કાબેલ કાર્યક્ષમ અમલદારશાહીની જરૂર પડે. હિજરતી મજૂરોથી લઈને દારૂની દુકાનો ખોલવા સુધીના મામલા હાથ ધરવામાં દૂરંદેશીતાનું દેવાળું ઊડીને આંખે વળગે છે.હવામાન સારું હોય, દરિયો શાંત અને જહાજ બેસ્ટ હોય ત્યારે સુકાન સંભાળવવાનું મુશ્કેલ ન હોય પણ તોફાની વરસાદ હોય, મોટા મોજા ઉછાળતા હોય અને જહાજમાં કાણું પડ્યું હોય ત્યારે સફર ઓછામાં ઓછી નુકસાન સાથે પૂરી કરાવે, તે જ સુકાની યોગ્ય ગણાવાય છે.હાલમાં દેશમાં અને રાજ્યમાં પરિસ્થિતિ નબળી છે ત્યારે એવા નેતૃત્વની જરૂર છે જે આ આખી પરિસ્થિતિમાં દેશને અને રાજ્યને પાર પાડવાનું કામ વધારે નુકસાન કર્યા વિના કરી શકે આપણું નેતૃત્વ તેમની સામે આવેલા પડકારનો સામનો કરીને તેનો યોગ્ય ઉકેલ લાવે તેવી આશા હાલ તો નાગરિકો રાખી રહ્યાં છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૦૯/૦૫/૨૦૨૦, શનિવાર, વૈશાખ વદ-૨
સૂર્યોદય-૬-૧૨, સૂર્યાસ્ત-૭-૧૫, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : ધન (ભ.ફ.ધ.ઢ.), નક્ષત્રઃ અનુરાધા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૭-૪૯થી શુભ-૯-૨૭ સુધી, ૧૨-૪૩થી ચલ-લાભ-અમૃત-૧૭-૩૮ સુધી, ૧૯-૧૬થી લાભ-૨૦-૩૮ સુધી, ૨૧-૫૯થી શુભ-અમૃત-ચલ-૨૬-૦૫ સુધી

- શુભ હોરા-
૭-૧૭ થી ૮-૨૨ સુધી, ૧૦-૩૩ થી ૧૩-૪૯ સુધી,૧૪-૫૪ થી ૧૫-૫૯ સુધી, ૧૮-૧૦થી ૨૧-૦૫સુધી

## દૈનિક રાશીફળ

તા.૦૯-૦૫-૨૦૨૦ શનિવાર

મેષ (અ.લ.ઈ.) :- બુદ્ધિ-વિવેકથી કાર્યસિદ્ધ થાય. વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી બને. શેરબજારમાં લાભ થાય.

વૃષભ (બ.વ.ઉ.) :- નોકરિયાતને ઉપરી અધિકારીનું માર્ગદર્શન મળી રહે. આરોગ્યની સારસંભાળ રાખવી.

મિથુન (ક.છ.ઘ.) :- રાજકીય ક્ષેત્રે જવાબદારીમાં વધારો થાય. વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી નિવડે.

કર્ક (ડ.હ.) :- જમીન, વાહન, મકાનના યોગ બને. નાણાંકીય સ્થિતિ મજબૂત બને. આરોગ્ય સુખાકારી સારી રહે.

સિંહ (મ.ટ.) :- સત્તાકીય બાબતોમાં સંભાળવું વડીલોનું માર્ગદર્શન મળી રહે. માનસિક ચિંતા હલવી બને.

કન્યા (પ.ઠ.ણ.) :- નોકરીમાં બદલી-બઢતીની શકયતા રહે. સમય સુભ ફળદાયી બને. અભ્યાસમાં પ્રગતિ.

તુલા (ર.ત.) :- પરદેશથી સુભ સમાચાર મળે. આવકનું પ્રમાણ જળવાઈ રહે. આકસ્મિક ધન લાભ થાય.

વૃશ્ચિક (ન.ય.) :- કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. વારસાગત મિલકતની પ્રાપ્તિ થાય. મિત્રોના સહકાર મળી રહે.

ધન (ભ.ધ.ફ.ઢ.) :- ઇષ્ટદેવની ઉપાસનાથી રાહત થાય. ધાર્મિક પ્રવાસ થાય. કુટુંબસુખ મળે. પરદેશથી શુભ સમાચાર મળે.

મકર (ખ.જ.) :- વારસાગત મિલકતના પ્રશ્નો ઉકેલાય. કુટુંબ સુક જળવાઈ રહે. માનસિક ચિંતા હળવી.

કુંભ (ગ.શ.સ.) :- પરદેશ સંબંધી શુભ સમાચાર મળે. સંતાનસુખ ઉત્તમ. વિવાદો સંબંધી પ્રશ્નો હલ થાય. વારસાગત મિલકતના પ્રશ્નો હલ થાય.

મીન (દ.ચ.ઝ.) :- જમીન - મકાન વાહનયોગ, આવકનું પ્રમાણ જળવાઈ રહે. ધંધાકીય શુભ સમય રહે.

# કોટનમાં ૧,૩૪,૭૦૦ ગાંસડીના વોલ્યુમ સાથે વાયદાના ભાવ રૂ.૮૨૦ તૂટ્યાઃ સીપીઓમાં રૂ.૩૧.૮૦નો ઘટાડો

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી એક્સચેન્જ એમસીએક્સ પર ૧થી ૭ મેના સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં કુલ રૂ.૯૭,૫૩૮.૨૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં તેજીનું હવમાન હતું. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧,૨૫૫ અને ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૧,૭૩૩ ઊછળ્યા હતા. બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ હતું. તાંબુ, નિકલ અને જસત વધવા સામે એલ્યુમિનિયમ અને સીસું ઘટ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલનો વાયદો બેરલદીઠ રૂ.૫૧૯ વધ્યો હતો. નેચરલ ગેસ પણ સુધર્યું હતું. કૃષિ કોમોડિટીઝમાં રૂ (કોટન)માં ૧,૩૪,૭૦૦ ગાંસડીના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં ગાંસડીદીઠ રૂ.૮૨૦નો ઘટાડો થયો હતો. સીપીઓ પણ રૂ.૩૧.૮૦ની નરમાઈ હતી. એલચી તેજ બંધ થઈ હતી, જ્યારે મેન્થા તેલમાં બેતરફી વધઘટ હતી.

કીમતી ધાતુઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૪૫,૦૦૮ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૪૬,૨૦૯ અને નીચામાં રૂ.૪૪,૭૫૦ના સ્તરને સ્પર્શી, આગલા સપ્તાહનાં રૂ.૪૪,૯૦૬ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૧,૨૫૫ (૨.૭૯ ટકા)ના ઉછાળા સાથે રૂ.૪૬,૧૬૧ના સ્તરે બંધ થયો હતો. ગોલ્ડ-ગિનીનો મે વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૬,૮૩૯ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૪૫૨ (૧.૨૩ ટકા) વધી રૂ.૩૭,૨૮૮ થયો હતો. આ વાયદો સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૩૭,૩૪૯ અને નીચામાં રૂ.૩૫,૮૨૭ બોલાયો હતો, જ્યારે ગોલ્ડ-પેટલનો મે વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪,૫૬૨ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૭૧ (૧.૫૬ ટકા) વધી બંધમાં રૂ.૪,૬૨૯ના ભાવ થયા હતા. આ વાયદો સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૪,૬૩૭ અને નીચામાં રૂ.૪,૫૩૦ બોલાયો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૪,૮૫૦ ખૂલી, સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૪૬,૨૨૨ અને નીચામાં રૂ.૪૪,૭૬૦ સુધી જઈ સપ્તાહના અંતે રૂ.૧,૨૧૮ (૨.૭૧ ટકા)ની વૃદ્ધિ સાથે બંધમાં રૂ.૪૬,૧૪૭ના ભાવ થયા હતા. સોનાનો દૂર ડિલિવરીનો ઓગસ્ટ વાયદો સૌથી વધુ રૂ.૧,૩૨૫ (૨.૯૪ ટકા)ની તેજી સાથે સપ્તાહના અંતે ૧૦ ગ્રામદીઠ રૂ.૪૬,૩૭૯ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં એમસીએક્સ ચાંદી જુલાઈ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૪૧,૫૨૨ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૪૩,૧૮૮ અને નીચામાં રૂ.૪૦,૯૫૧ના સ્તરને સ્પર્શી, આગલા સપ્તાહનાં રૂ.૪૧,૩૯૦ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૧,૭૩૩ (૪.૧૯ ટકા) ઉછળી રૂ.૪૩,૧૨૩ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની જૂન વાયદો કિલોદીઠ રૂ.૪૧,૯૦૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૪૩,૫૬૪ અને નીચામાં રૂ.૪૧,૪૦૦ના મથાળે અથડાઈ, આગલા સપ્તાહનાં રૂ.૪૧,૮૧૩ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૧,૬૮૧ (૪.૦૨ ટકા)ની ભાવવૃદ્ધિ સાથે રૂ.૪૩,૪૯૪ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો કિલોદીઠ રૂ.૪૨,૦૫૩ ખૂલી, સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૪૩,૬૭૩ અને નીચામાં રૂ.૪૧,૫૩૪ સુધી જઈ સપ્તાહના અંતે રૂ.૧,૬૩૩ (૩.૮૯ ટકા) વધી બંધમાં રૂ.૪૩,૫૭૩ના ભાવ થયા હતા. ચાંદી-માઈક્રોનો દૂર ડિલિવરીનો નવેમ્બર વાયદો સૌથી ઓછો રૂ.૧,૩૨૧ (૩.૧૦ ટકા) વધી રૂ.૪૩,૮૬૬ થયો હતો.

બિનલોહ ધાતુઓમાં તાંબુ મે વાયદો કિલોદીઠ રૂ.૪૦૦.૫૫ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૩.૩૫ (૦.૭૩ ટકા) સુધરી રૂ.૪૦૬.૮૦ બંધ થયો હતો, જ્યારે નિકલનો મે વાયદો કિલોદીઠ રૂ.૭૧૧.૭૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૭ (૦.૭૬ ટકા) વધી બંધમાં રૂ.૯૨૯.૬૦ના ભાવ થયા હતા. એલ્યુમિનિયમનો મે વાયદો કિલોદીઠ રૂ.૧૩૧.૯૦ ખૂલી, સપ્તાહના અંતે ૩૫ પૈસા (૦.૨૭ ટકા) ઘટી રૂ.૧૩૧.૬૦, સીસું મે વાયદો રૂ.૧૩૫ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧ (૦.૭૫ ટકા) ઘટી રૂ.૧૩૨.૫૦ અને જસત મે વાયદો રૂ.૧૫૧.૩૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૩.૭૫ (૨.૪૯ ટકા) વધી રૂ.૧૫૪.૩૫ના સ્તરે બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ ઓઈલનો મે વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૧,૩૬૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૨,૦૪૩ અને નીચામાં રૂ.૧,૩૬૦ બોલાઈ સપ્તાહના અંતે રૂ.૫૧૯ (૩૯.૪૭ ટકા)ના ઉછાળા સાથે બંધમાં રૂ.૧,૮૩૪ના ભાવ થયા હતા, જ્યારે નેચરલ ગેસનો મે વાયદો એમએમબીટીયૂદીઠ રૂ.૧૪૫ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧.૪૦ (૦.૯૭ ટકા) સુધરી રૂ.૧૪૫.૬૦ થયો હતો. આ વાયદો સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૧૬૩.૮૦ અને નીચામાં રૂ.૧૪૨.૮૦ બોલાયો હતો.

કૃષિ કોમોડિટીઝમાં રૂ (કોટન)ના ત્રણેય વાયદા ગાંસડીદીઠ રૂ.૫૩૦થી રૂ.૮૬૦ની રેન્જમાં તૂટ્યા હતા. કોટનનો મે વાયદો સપ્તાહના પ્રારંભે ગાંસડીદીઠ રૂ.૧૬,૨૨૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૧૬,૨૨૦ અને નીચામાં રૂ.૧૪,૮૦૦ના મથાળે અથડાઈ, આગલા સપ્તાહનાં રૂ.૧૬,૩૫૦ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૮૨૦ (૫.૦૨ ટકા)ના ભાવઘટાડા સાથે રૂ.૧૫,૫૩૦ના સ્તરે બંધ થયો હતો.

ક્રૂડ પામતેલ (સીપીઓ)ના ત્રણેય વાયદા ૧૦ કિલોદીઠ રૂ.૩૧.૮૦થી રૂ.૩૫.૯૦ સુધી ઘટ્યા હતા. સીપીઓનો મે વાયદો ૧૦ કિલોદીઠ રૂ.૬૦૪.૯૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૩૧.૮૦ (૫.૨૨ ટકા) ઘટી રૂ.૫૭૭.૨૦ બંધ થયો હતો. આ વાયદો સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૬૦૫ અને નીચામાં રૂ.૫૬૭.૩૦ બોલાયો હતો.

એલચીના વાયદાઓમાં મે વાયદો કિલોદીઠ રૂ.૧,૬૪૦ ખૂલી, સપ્તાહના અંતે આ વાયદો રૂ.૨૮.૨૦ (૧.૬૯ ટકા) વધી રૂ.૧,૬૯૭.૩૦ના સ્તરે બંધ થયો હતો. આ વાયદો સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૧,૭૦૪.૬૦ અને નીચામાં રૂ.૧,૬૪૦ બોલાયો હતો.

મેન્થા તેલનો મે વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૧,૧૯૨ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૧,૧૯૯ અને નીચામાં રૂ.૧,૧૭૦ બોલાઈ, સપ્તાહના અંતે રૂ.૫.૪૦ (૦.૪૬ ટકા) વધી બંધમાં રૂ.૧,૧૮૪.૩૦ના ભાવ થયા હતા.કારોબારની દષ્ટિએ સપ્તાહ દરમિયાન સોનાના વાયદાઓમાં ૨,૬૦,૦૬૦ સોદામાં રૂ.૩૦,૨૮૦.૯૫ કરોડના ૬૬.૪૫૧ ટન, ચાંદીમાં ૬,૬૫,૫૦૪ સોદામાં રૂ.૧૯,૧૦૦.૧૭ કરોડનાં ૪,૫૫૧.૬૫૦ ટન, તાંબામાં ૫૩,૯૮૮ સોદામાં રૂ.૬,૦૪૫.૨૪ કરોડનાં ૧,૫૦,૬૫૨.૫૦૦ ટન, નિકલમાં ૪૮,૬૧૬ સોદામાં રૂ.૭,૧૪૬.૨૧ કરોડનાં ૭૭,૫૫૬ ટન, એલ્યુમિનિયમમાં ૨૦,૩૨૪ સોદામાં રૂ.૩૭૩.૧૩ કરોડનાં ૨૮,૩૯૧ ટન, સીસામાં ૩૯,૫૮૧ સોદામાં રૂ.૭૫૪.૩૬ કરોડનાં ૫૬,૫૮૩ ટન, જસતમાં ૧,૨૩,૭૮૨ સોદામાં રૂ.૨,૮૦૦.૬૮ કરોડનાં ૧,૮૪,૮૯૫ ટન, ક્રૂડ તેલમાં ૫,૨૬,૮૪૪ સોદામાં રૂ.૧૩,૩૬૯.૪૨ કરોડનાં ૭,૭૦,૭૧,૫૦૦ બેરલ્સ, નેચરલ ગેસમાં ૫,૬૪,૨૫૧ સોદામાં રૂ.૧૬,૯૧૪.૩૪ કરોડનાં ૧,૧૦,૮૫,૨૦,૦૦૦ એમએમબીટીયૂ, કોટનમાં ૩,૭૭૪ સોદામાં રૂ.૨૦૭.૯૦ કરોડનાં ૧,૩૪,૭૦૦ ગાંસડી, કપાસમાં ૧૯ સોદામાં રૂ.૦.૬૧ કરોડનાં ૧૨૪ ટન, સીપીઓમાં ૭,૦૪૭ સોદામાં રૂ.૫૪૧.૮૬ કરોડનાં ૯૩,૦૩૦ ટન, એલચીમાં ૨૩ સોદામાં રૂ.૦.૩૯ કરોડનાં ૨ ટન અને મેન્થા તેલમાં ૬૩ સોદામાં રૂ.૩.૦૧ કરોડનાં ૨૬ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે સોનામાં ૨૧.૪૭૮ ટન, ચાંદીમાં ૨૨૮.૩૬૬ ટન, તાંબામાં ૭,૮૯૨.૫૦૦ ટન, નિકલમાં ૧,૮૯૦ ટન, એલ્યુમિનિયમમાં ૪,૦૭૫ ટન, સીસામાં ૩,૭૦૭ ટન, જસતમાં ૧૧,૯૦૪ ટન, ક્રૂડ તેલમાં ૬,૨૯,૨૦૦ બેરલ્સ, નેચરલ ગેસમાં ૮૩,૧૨,૫૦૦ એમએમબીટીયૂ, કોટનમાં ૧,૨૭,૭૭૫ ગાંસડી, કપાસમાં ૧૬ ટન, સીપીઓમાં ૫૩,૯૬૦ ટન, એલચીમાં ૩ ટન અને મેન્થા તેલમાં ૨૮ ટનના સ્તરે રહ્યો હતો.

# કોરોનાની સ્થિતી પછી વિશ્વના અર્થતંત્ર-ઊધોગોમાં આવનારા ફેરફારોનો મહત્તમ લાભ લેવા ગુજરાત સજ્જ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ વૈશ્વિક મહામારી કોરોનાને પરિણામે સર્જાયેલી સ્થિતી પછી જનજીવન ઝડપભેર પૂર્વવત્ થાય, આર્થિક અને ઔદ્યોગિક ગતિવિધિઓ પૂનઃ ધબકતી થાય ત્યારે ગુજરાત તેનું મહત્વનું કેન્દ્રબિંદુ બને તે દિશામાં આયોજનબદ્ધ રીતે આગળ વધવાનો નિર્ધાર કર્યો છે.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ રાજયમાં વિશ્વના અગ્રણી રાષ્ટ્રોના ઊદ્યોગો, રોકાણો મોટાપાયે આવે, રોજગારી વધે સાથોસાથ આનુષાંગિક ઊદ્યોગોને પણ વેગ મળે અને સ્થાનિક રોજગારીની તકો પણ મહત્તમ વધે તે માટે એક ઉચ્ચસ્તરિય બેઠક યોજીને કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે.

કોરોના વાયરસની સ્થિતીના પગલે જાપાન, કોરિયા, એશિયન દેશોની કંપનીઓ તેમજ અમેરિકા-યુરોપની કંપનીઓ-ઉત્પાદન એકમો ચાયનાથી અન્ય રાષ્ટ્રો-દેશો તરફ પોતાનો વેપાર-ઉત્પાદન કારોબાર લઇ જવા વિચારાધિન છે.

મુખ્યમંત્રીશ્રીએ આવી વિદેશી કંપનીઓ માટે ભારત અને ખાસ કરીને દેશનું અગ્રણી રાજય ઇન્ડસ્ટ્રીયલ હબ-મેન્યૂફેકચરીંગ હબ એવું ગુજરાત શ્રેષ્ઠ વિકલ્પ બની રહે તે દિશામાં સક્રિય આયોજનો કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે.

આ હેતુસર મુખ્યમંત્રીશ્રીએ રાજયમાં ૩૩ હજાર હેકટર જમીન વિવિધ ઔદ્યોગિક વસાહતો ખોરજ, સાણંદ, દહેજ SEZ, સાયખા, ધોલેરા SEZ તેમજ અન્ય પ્રાયવેટ SEZમાં ઉપલબ્ધ છે તેની સંપૂર્ણ વિગતો અને પ્લગ એન્ડ પ્રોડયુસ સુવિધા GIS બેઝડ લેન્ડ બેન્કના માધ્યમથી સરળતાએ ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં ગુજરાતે ૨૦૧૯-૨૦ના વર્ષમાં પ્રથમ કવાર્ટરમાં રૂ. ૨૪ હજાર કરોડનું વિદેશી મૂડીરોકાણ હાંસલ મેળવેલું છે. એટલું જ નહિ, છેલ્લા ત્રણ વર્ષમાં દેશમાં સ્થપાયેલા ૨૫૭૪ મોટા ઊદ્યોગોમાંથી ૭૩૪ ઊદ્યોગો ગુજરાતમાં છે. ઇન્ડસ્ટ્રીયલ એન્ટરપ્રેન્યોર્સ મેમોરેન્ડમ IEMમાં દેશનો ૫૧ ટકા હિસ્સો ગુજરાત ધરાવે છે.

આ બધી જ વિશેષતાઓ ઉપરાંત પારદર્શી અને ઓનલાઇન એપ્રુવલ્સ નોપેન્ડન્સી, સહિતની ઊદ્યોગ સાનુકુળ સંપૂર્ણ ઇકોસિસ્ટમ સાથે ગુજરાત દેશમાં ઔદ્યોગિક રોકાણો માટે બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ઇન્વેસ્ટમેન્ટ બનેલું છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજયની આ પ્રગતિ-ગતિ સતત જળવાઇ રહે અને ચાયનાથી અન્યત્ર ઉત્પાદન એકમો ખસેડવા માંગતા દેશો-રાષ્ટ્રોના ઊદ્યોગો માટે ગુજરાત શ્રેષ્ઠ વિકલ્પ બની શકે તે માટે તંત્રને પ્રેરિત કર્યુ છે.

મુખ્યમંત્રીશ્રીએ આવા જે નવા ઊદ્યોગો રાજ્યમાં આવે તેમને મંજૂરીની બધી જ પ્રક્રિયા ઓનલાઇન કરીને માત્ર ૭ દિવસમાં જમીન ફાળવણી અને અન્ય જરૂરી પરવાનગીઓ ૧૫ દિવસમાં આપી દેવાની પણ આ બેઠકમાં સૂચનાઓ આપી હતી.

શ્રી વિજયભાઇ રૂપાણીના દિશાદર્શનમાં ગુજરાત સરકારના ઊદ્યોગ વિભાગે કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ ઇન્ડસ્ટ્રીયલ પ્રમોશન, વિદેશ મંત્રાલયના સહયોગથી જે-તે રાષ્ટ્રની એમ્બેસીઝનો અને ઊદ્યોગોનો સંપર્ક કરીને ગુજરાતમાં ઊદ્યોગ શરૂ કરવા પરામર્શ કર્યો છે.

એટલું જ નહી, જાપાન એકસર્ટનલ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન-જેટ્રો, કોરિયાની કોરિયા ટ્રેડ ઇન્વેસ્ટમેન્ટ પ્રમોશન એજન્સી-કોટ્રા, તેમજ અમેરિકાની યુ.એસ.આઇ.એસ.પી.એફ અને યુ.એસ.આઇ.બી.સી.ના સંકલનમાં પણ રાજ્ય સરકારે ગુજરાતમાં આવનારા દિવસોમાં તેમના દેશોના ઊદ્યોગો પ્રેરિત કરવા કાર્યવાહિ હાથ ધરી છે.

મુખ્યમંત્રીશ્રીએ આવા વિવિધ દેશોના ઊદ્યોગોને જમીન મેળવવા સહિતની પ્રારંભિક કામગીરીમાં સરળતા માટે અલગ અલગ ડેસ્ક બનાવવાનો તેમજ રાજયમાં આવનારા આવા પ્રોજેકટ્સના સંકલન માટે નોડલ ઓફિસર નિમવાનો પણ નિર્ણય કર્યો છે. શ્રી વિજયભાઇ રૂપાણીએ આવા નવા પ્રોજેકટ્સ આવતાં વધુ લોકોને રોજગાર મળી રહે સાથોસાથ કામદારો-શ્રમિકોના હિતોનું રક્ષણ પણ થાય તેવી નેમ સાથે શ્રમ સુધારા લેબર રિફોર્મ્સની પણ કેટલીક મહત્વપૂર્ણ જાહેરાતો આ બેઠકમાં કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજયમાં નવા આવનારા પ્રોજેકટ-ઊદ્યોગોને પ્રોડકશન શરૂ કરે તેના ૧૨૦૦ દિવસ સુધી લઘુત્તમ વેતન દર-મિનીમમ વેજીસ એકટ, ઇન્ડસ્ટ્રીયલ સેફટી રૂલ્સ તેમજ શ્રમિક અકસ્માત વળતર-કોમ્પેનસેશન એકટની જોગવાઇઓના અમલ સિવાય અન્ય એકટ્સના પ્રાવધાનથી મુક્તિ આપવાનો નિર્ણય કર્યો છે.

તેમણે રાજયના શ્રમ વિભાગને આ હેતુસર ઓર્ડિનન્સ તૈયાર કરવા પણ સૂચનાઓ આપી છે.

મુખ્યમંત્રીશ્રીએ આવા અન્ય રાષ્ટ્રોના જે ઊદ્યોગો ગુજરાતમાં આવે તેમને જો ઇચ્છા હોય તો જોઇન્ટ વેન્ચર પાર્ટનર શોધવા પણ રાજ્ય સરકાર મદદરૂપ થાય તેવું સૂચન ઊદ્યોગ અગ્ર સચિવશ્રીને બેઠક દરમ્યાન કર્યુ હતું. મુખ્યમંત્રીશ્રીના કુશાગ્ર નેતૃત્વમાં ગુજરાત દેશના વિકાસનું રોલ મોડેલ છે. દેશના GDઁમાં ૭.૯ ટકા અને નિકાસમાં ૨૦ ટકા યોગદાન આપીને અગ્રીમ રાજ્ય બન્યું છે.

હવે, વિશ્વના અર્થતંત્રની આવનારા દિવસોમાં બદલાનારી સ્થિતીમાં વિશ્વભરના ઊદ્યોગો માટે ગુજરાતને આકર્ષણનું કેન્દ્ર બનાવી રાજયમાં મહત્તમ રોજગારી, MSME વૃદ્ધિ અને આનુષાંગિક વેપાર ઊદ્યોગને ધબકતા કરીને ગુજરાત ફરી એકવાર દેશનું દિશાદર્શન કરે તેવી સ્થિતીના નિર્માણ માટે મુખ્યમંત્રીશ્રીએ આ બેઠકમાં ગહન માર્ગદર્શન આપ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી એમ. કે. દાસ અને શ્રમ-રોજગારના અધિક મુખ્ય સચિવ શ્રી વિપૂલ મિત્રા આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

સી.એમ-પીઆરઓ/અરૂણ

# રાજનાથ સિંહે પિથૌરાગઢથી ચીન સીમા સુધી બનાવેલ રસ્તાનું ઓનલાઇન ઉદ્ઘાટન કર્યું



*ન્યુ દિલ્હી,તા.૮*

કોરોના વાયરસનાં આ લોકડાઉનનાં સમયમાં ભારતે પિથૌરાગઢથી અડીને આવેલી ચીન સીમા સુધી રોડ બનાવવામાં સફળતા મેળવી લીધી છે. શુક્રવારનાં નવી દિલ્હીથી રક્ષામંત્રી રાજનાથ સિંહે આ રસ્તાનું ઑનલાઇન ઉદ્ઘાટન કર્યું છે. ઉલ્લેખનીય છે કે કૈલાશ-માનસરોવર યાત્રા માર્ગ તરીકે પ્રસિદ્ધ ધારચૂલાથી લિપુલેખ (ચીન સીમા) સુધી બીઆરઓ દ્વારા નિર્મિત રોડ દેશને સમર્પિત કરવામાં આવ્યો છે.

રક્ષામંત્રી રાજનાથ સિંહે દિલ્હીથી વિડીયો કોન્ફરન્સ દ્વારા રોડનું ઉદ્ઘાટન કરતા કહ્યું કે, ચીન સીમા સુધી રસ્તો બનવાથી દેશ મજબૂત થયો છે. રાજનાથ સિંહે કહ્યું કે, "રસ્તો બનવાથી કૈલાશ માનસરોવર યાત્રા સુગમ થશે અને સેના, આઇટીબીપી, એસએસબીનાં જવાન ઉપરની ચોકીઓ સુધી વાહનોથી પહોંચી શકશે. આ રસ્તો રણનીતિ અને ધાર્મિક રીતે ઘણો જ મહત્વપૂર્ણ છે. આપણી સેનાને પણ હવે ચીન સીમા સુધી પહોંચવામાં સરળતા રહેશે.

આ અવસર પર ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) જનરલ બિપિન રાવત અને થળ સેનાઅધ્યક્ષ જનરલ મનોજ મુકુંદ નરવણે પણ હાજર રહ્યા. આ ઉપરાંત કૈલાશ માનસરોવરની યાત્રા પણ હવે સરળ રહેશે. બીઆરઓએ ૮૦ કિલોમીટરનાં આ રસ્તાથી ધારચૂલાને લિપુલેખ સાથે જોડ્યું છે. આ વિસ્તાર ૬ હજારથી ૧૭૦૬૦ ફૂટની ઊંચાઈ પર છે.



આ જ સંદેશ કે માસ્ક સેવ્સ રિપોડી જનેરોના ક્રાઈસ્ટ ધ રીડીમરના સ્ટેચયુ પર બ્લુ લાઈટથી માસ્કની આભા ઉભી કરીને આપવામાં આવ્યો છે.

## પરપ્રાંતિય શ્રમિકો-કામદારોને વતન રાજ્ય જવા

# દેશમાં ૧૬૩ વિશેષ ટ્રેનોમાંથી ૯૭ એકલા ગુજરાતમાંથી રવાના થઇ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના દિશાનિર્દેશનમાં રાજ્ય સરકારના વહિવટી તંત્રએ ભારત સરકાર સાથેના સંકલન દ્વારા ગુરૂવાર સુધીમાં ૯૪ વિશેષ ટ્રેન અને આજે અન્ય ૩૩ ટ્રેનો એમ કુલ મળીને ૧૨૭ જેટલી ટ્રેનો દ્વારા ૧ લાખ ૫૩ હજાર જેટલા અન્ય રાજ્યોના શ્રમિકો-વ્યક્તિઓને તેમના વતનમાં મોકલવાની વ્યવસ્થા કરી છે.

મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનિકુમારે આ અંગેની વધુ વિગતો આપતા જણાવ્યું કે, સમગ્ર દેશમાંથી આવી ૧૬૩ વિશેષ ટ્રેનની ગુરૂવાર સુધીમાં પરપ્રાંતિય શ્રમિકોને વતન રાજ્ય માટે ચલાવવામાં આવી છે તેમાં સૌથી વધુ ૯૪ ટ્રેન એકલા ગુજરાતમાંથી રવાના થઇ છે. શુક્રવારે વધુ ૩૩ સ્પેશિયલ ટ્રેનના માધ્યમથી પરપ્રાંતિઓ, શ્રમિકો અને મજૂરોને ઉત્તરપ્રદેશ, બિહાર, ઓરિસ્સા, ઝારખંડ અને અન્ય રાજ્યોમાં પહોંચાડવામાં આવશે, એમ તેમણે ઉમેર્યુ હતું.

તેમણે વધુમાં જણાવ્યું કે, ગઇકાલ રાત્રી સુધીમાં સુરત શહેરમાંથી ૩૯ ટ્રેનો રવાના કરવામાં આવી છે. જૈ પૈકી ઉત્તરપ્રદેશ માટે ૧૬ ટ્રેનો, ઓરિસ્સા માટે ૧૬, બિહાર માટે ૪ અને ઝારખંડ માટે ૩ ટ્રેનનો સમાવેશ થાય છે. અમદાવાદના સાબરમતી અને વિરમગામ સ્ટેશન પરથી ગઇકાલ રાત્રી સુધીમાં કુલ ૨૪ ટ્રેનો રવાના થઇ છે, જેમાં ઉત્તરપ્રદેશ માટે ૧૮, બિહાર માટે ૬ ટ્રેનનો સમાવેશ થાય છે.

વડોદરા શહેરમાંથી ૯ ટ્રેન રવાના થઇ છે, જેમાંથી ૮ ઉત્તરપ્રદેશ અને ૧ બિહારનો સમાવેશ થાય છે. રાજકોટમાંથી કુલ ૪ ટ્રેનો રવાના થઇ છે જેમાં ૨ યુ.પી, ૧ બિહાર અને ૧ મધ્યપ્રદેશ, ગોધરામાંથી કુલ ૩ ટ્રેનો, જેમાં ૧ ઉત્તરપ્રદેશ અને ૧ બિહાર, જામનગરમાંથી કુલ ૨ ટ્રેનો જેમાં ઉત્તરપ્રદેશ ૧ અને બિહારની ૧ ટ્રેનનો સમાવેશ થાય છે. જ્યારે કચ્છ ભૂજમાંથી ઉત્તરપ્રદેશ માટે ૧ ટ્રેન, મહેસાણાથી ઉત્તરપ્રદેશ માટે ૧, મોરબીથી ઝારખંડ માટે ૧, નડિયાદથી ઉત્તરપ્રદેશ માટે ૩ , પાલનપુરથી ઉત્તરપ્રદેશ માટે ૧, આણંદથી કુલ ૨ ટ્રેનો રવાના થઇ છે, જેમાં ૧ બિહાર અને ૧ ઉત્તરપ્રદેશ, અંકલેશ્વર-ભરૂચથી ૧ ટ્રેન ઉત્તરપ્રદેશ, ભરૂચથી ૧ ટ્રેન બિહાર, ભાવનગરથી ૧ ટ્રેન ઉત્તરપ્રદેશ માટે રવાના થઇ છે એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રીએ આ વિશેષ ટ્રેનોની વિગતો આપતા કહ્યું કે, ગઇકાલ રાત્રી સુધીમાં ઉત્તરપ્રદેશ માટે કુલ ૫૭ ટ્રેનો, ઓરિસ્સા માટે ૧૬ ટ્રેનો, ઝારખંડ માટે ૪ ટ્રેનો, બિહાર માટે ૧૬ ટ્રેનો અને મધ્યપ્રદેશ માટે ૧ ટ્રેન એમ કુલ ૯૪ ટ્રેનના માધ્યમથી ૧ લાખ ૧૩ હજાર પરપ્રાંતિઓ, મજૂરો, શ્રમિકોને ખુબ સારી વ્યવસ્થા અને સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે ટ્રેનમાં તેમના વતન રાજ્યમાં રવાના કરવામાં આવ્યા છે.

આ વ્યવસ્થામાં કોઇપણ પ્રકારની અવ્યવસ્થા ન સર્જાય એના માટેની ચોક્કસ વ્યવસ્થા અને પ્રબંધ સુરત, વડોદરા, અમદાવાદ, રાજકોટ, નડિયાદ, પાલનપુર, મહેસાણા અને અન્ય જિલ્લાઓના વહિવટીતંત્ર દ્વારા કરવામાં આવ્યો છે.

તેમણે જણાવ્યું કે, શુક્રવાર કુલ ૩૩ ટ્રેનો ગુજરાતના અલગ-અલગ શહેરમાંથી રવાના થશે. જેમાં ઉત્તરપ્રદેશની કુલ ૨૫ ટ્રેનો, બિહારની ૪, ઝારખંડની ૧, મધ્યપ્રદેશની ૨ અને રાજસ્થાનની ૧ ટ્રેનનો સમાવેશ થાય છે.

તેમણે ઉમેર્યું કે, આજે સુરતમાંથી કુલ ૯ ટ્રેનોમાંથી ૫ ટ્રેન ઉત્તરપ્રદેશ, ૨ ટ્રેન બિહાર, ૧ ટ્રેન ઝારખંડ અને ૧ ટ્રેન રાજસ્થાન રવાના થશે. વડોદરામાંથી કુલ ૩ ટ્રેનો રવાના થશે, જેમાં ઉત્તરપ્રદેશ માટે ૨ અને બિહારની ૧ ટ્રેનનો સમાવેશ થાય છે. અમદાવાદમાં કુલ ૭ ટ્રેનો રવાના થશે. જેમાંથી સાબરમતી સ્ટેશન પરથી ઉત્તરપ્રદેશ જવા માટે ૫ ટ્રેન અને વિરમગામથી ૨ ટ્રેન રવાના થશે. આ ઉપરાંત અમરેલી, આણંદ, ભરૂચ, ભાવનગર, દાહોદ, હિંમત્તનગર, જૂનાગઢ, જામનગર, પોરબંદર, રાજકોટ, તાપી, નડિયાદમાંથી ૧ ટ્રેન અને મોરબીમાંથી ૨ ટ્રેન રવાના થશે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના ૬૧ લાખ APL-1 કાર્ડધારકો એટલે લગભગ ૨.૫૦ કરોડથી વધુ મધ્યમવર્ગીય લોકોને પ્રવર્તમાન લોકડાઉનની સ્થિતિમાં બીજીવાર વિનામુલ્યે અનાજ વિતરણની તા. ૧લી મે એ જાહેરાત કરીને સફળતાપૂર્વક તંત્ર મારફતે આ વિતરણ પાર પડી રહ્યું છે, તેની વિગતો શ્રી અશ્વિની કુમારે આપી હતી

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, આ અન્ન વિતરણ વ્યવસ્થાના બીજા દિવસે એવા લોકો જેમનો રેશકાર્ડનો છેલ્લો અંક ૩ અથવા ૪ હોય તેમને સસ્તા અનાજની દુકાન ઉપરથી રાશન આપવામાં આવી રહ્યું છે. અત્યાર સુધીમાં લગભગ ૧૨ લાખ જેટલા કુટુંબોએ સસ્તા અનાજની દુકાન પરથી પોતાનો પુરવઠો મેળવી લીધો છે. શુક્રવારે રાત્રે ૧૦ વાગ્યા સુધીમાં આ આંકડો વધીને ૧૫ લાખ થવાની શક્યતા છે.

માત્ર બે દિવસમાં જ રાજ્યના આશરે ૧૫ લાખ જેટલા મધ્યમવર્ગીય કુટુંબો જેમની પાસે APL-1 કાર્ડ છે તેમને રાશન વિતરણ થયું છે.

શ્રી અશ્વિનીકુમારે જણાવ્યું કે, રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં જનજીવન ઝડપી પૂર્વવત્ થાય, શ્રમિકોને રોજગારી મળે સાથોસાથ સોશિયલ ડિસ્ટનસનું પાલન પણ થાય તેવી પુરતી સતર્કતા સાથે મનરેગાના કામો શરૂ કરવામાં આવ્યા છે.

રાજ્યમાં આવા મનરેગા કાર્યક્રમ હેઠળ ૩ લાખ ૩૨ હજાર ૪૩૯ શ્રમિકો રોજી-રોટી મેળવી રહ્યા છે. ૪ હજાર ૨૭૨ ગ્રામપંચાયતમાં મનરેગાના કામો ચાલું છે. જેમાં દાહોદમાં ૪૬,૫૨૨, ભાવનગર ૩૧,૫૧૦, નર્મદા ૨૫,૯૭૪, પંચમહાલ ૧૯,૩૭૬, છોટાઉદેયપુર ૧૮,૯૫૫, તાપી, ૧૬૬૨૧, સાબરકાંઠા ૧૬,૧૯૫ એમ સમગ્ર રાજ્યમાં કુલ ૪ હજાર ૨૭૨ ગ્રામપંચાયતમાં ૩ લાખ ૩૨ હજાર ૪૩૯ શ્રમિકો પોતાની મનરેગાના કાર્યોના માધ્યમથી રોજી-રોટી મેળવી રહ્યા છે.

મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રીએ સુજલામ-સુફલામ જળ અભિયાનની વિગતો આપતા જણાવ્યું કે, અત્યાર સુધીમાં ૨૬,૮૮,૭૧૮.૯૧ ઘનમીટર જળસંચય થઇ શકે તેટલું કામ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. ૪ લાખ ૭૮ હજાર માનવદીનનું સર્જન પણ થયેલું છે. અત્યારે ૩,૫૩૮ કામો પ્રગતિ હેઠળ છે અને ૩૭૪ કામો પૂર્ણ થયા છે. હાલની તકે આ કામો ઉપર ૬૨ હજાર ૭૫૪ શ્રમિકો કામ કરીને રોજી-રોટી મેળવી રહ્યા છે.

આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે, છેલ્લા બે વર્ષોમાં રાજ્યમાં ૨૩ હજાર ૫૦૦ લાખ ઘન ફીટ વધારાના પાણીનો સંગ્રહ આ યોજના થકી કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ અતંર્ગત ગામડાઓમાં તળાવ, ચેકડેમ, નાની નદીઓને ઉંડી કરવાની કામગીરી હાથ ધરવામાં આવે છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ખેડૂતોને ફળદ્રૂપ અને સારી માટી ખેતીવાડી માટે વગર મૂલ્યે મળી રહે અને તળાવોને ખોદવાથી વધારાનું જળસંચય થાય, જેથી વોટર સિક્યોરિટી મેળવી શકાય એ છે.

સી.એમ-પીઆરઓ/અરૂણ

# પાટનગરમાં ગરીબોના બેલી અન્નદાતા જલારામ



સમગ્ર દેશ આજે કોરોના ના ભય થી સરકારી આદેશ દ્વારા પોતાના ધરોમાં જ કેદ થઈ આ મહામારી નો સામનો કરી રહ્યો છે ત્યારે શહેરી વિસ્તાર ના મોટા ભાગના શ્રમિકો આજીવિકા વિહીન થઈ ગયા છે, એવા જરૂરિયાતમંદ શ્રમજીવી પરીવારો ને પાટનગર ના ચોપાટી વિસ્તારમાં આવેલા ×જય જલારામ ભોજનાલય× ના સંચાલકો દ્વારા પ્રથમ લોકડાઉન શરૂ થતાં ની સાથે દરરોજ આશરે ૮૦૦ થી ૧૦૦૦ વ્યક્તિને સવાર સાંજ નુ ભોજન તૈયાર કરી તેઓના વસવાટ પર જઈ પુરુ પાડવા માં આવેછે, આ માનવસેવા પુરી પાડવામાં ×જય જલારામ ભોજનાલય× દુકાન નં-૬૩,ઘ-૫,ખાણીપીણી બજાર, સેકટર - ૧૬ ના સંચાલકો શ્રી જયપ્રકાશભાઈ કુંભરવાડીયા તથા રાજેન્દ્રસિંહ સિંહ ચૌહાણ, નિલેશભાઈ ઠક્કર, નયનભાઈ રાવલ તથા સહયોગી અતુલ ભાઈ પંડયા,રમેશભાઈ વાઘેલા, , અશોકભાઈ રાઠોડ ,રાકેશ જાની જીતુભાઈ રાદડિયા અને સમગ્ર ટીમ ભારે જહેમત ઉઠાવી સેવા પુરી પાડે છે.જય જલારામ

# ન્યુઝ ઓફ ગાંધીનગર સાહિત્યિક લેખન,નિર્ણાયક:જયશ્રી પટેલ:અહેવાલ: જીજ્ઞા કપૂરીયાં

**ચાલશે...ભાગ - ૧ (૧૨-૪-૨૦૨૦)જયશ્રી પટેલ**

વીસ માર્ચે બે હજાર વીસ ,વડોદરાના એરપોર્ટ પર ઉતરી ત્યારે ખબર નહોતી કે હું ચાલશ શબ્દને ઓળખતી થઈ જઈશ.

બધાજ રાહ જોઈ રહ્યા લોકડાઉન ને ખૂલવાની..ઘરે ઘરે આખા વિશ્વમાં પૃથ્વીની ગતિ ધીમી પડી ગઈ છે. કેટ કેટલું લખાયું,કેટકેટલી વ્યથાને વર્ણવાય,અરે જે આપણા જીવનની પટરી પર આપણી સાથે હતા આપણા કારીગરો..તેની સાચી ઓળખ પામ્યા...

સગવડો ખાતર જીવતા હતા તે સગવડો ધીરે ધીરે આદત હતી તે સમજતા થયા.જીવનમાં પ્રવેશ્યો શબ્દ..

ચાલશે .આ નથી ઘરમાં તો મન બોલી ઉઠ્યું ચાલશે,કબાટ ગોઠવ્યું તો ખ્યાલ આવ્યો અરે જીવનમાં હજું બે વરસ સુધી જો એકપણ કપડું નહિ વસાવું તો ચાલશે .મને જ નહિ આજ દરેકને કહુ છું મનને પૂછો કે તમારી પણ આજ મનોવ્યથા છે ને..?અરે ચાલવા માટે ચંપ્પલ કે ઓફિસે જવા બૂટ પણ એટલા છે કે બે વરસ ચાલશે...!ખાવાનું બનાવા અલગ અલગ વાસણ કુશણ એટલા છે કે એક પેઢી પછી પણ વાપરી સકશે..એટલા ચાલશે,અનાજ શામાટે સંગ્રહ કરી રાખવું બે ટંક બનાવતા શીખ્યા હમણાં હમણાં જ તે પણ ખપ પૂરતું જ જેથી પેટ ભરાય એટલું જ ..વધ્યું તો સવારનું સાંજે ખાય -પી લઈશું .. ચાલશ ..વાશી તો ન જ ખાઉ ની વાતો કરનારા ન મળતા શીખ્યા કહેતા...ના ના ચાલશે

બસ તો એક વાત સમજી લો...હજુ પણ કાંઈ જ નથી બગડ્યું ન આર્થીક પરિસ્થિતિ ન વિંટબણા .બે વરસ અપનાવી લેજો આ ચાલશે ના રણકાર ને .ન તકલીફ લાગશે અમીરને ,મધ્યમ વર્ગને કે ન ગરીબને..

બે ટંકના રોટલા માટે મહેનત કરી લેવી પડશે તો જરૂર કરો..ખડકાયેલા ઢગલાબંધ દુકાનો ના માલને ન નફો ન ખોટમાં વેચી જરૂરિયાત મંદને પહોંચાડશો..કપડાં,વાસણ કે અન્ય જરૂરિયાત...એટલી છે કે ક્યાંય ખોટ નથી.તો એ પણ તકલીફ ને ★ચાલશે★ ના માધ્યમથી સ્વીકારી લેશે..મનથી હકારાત્મક બની લોકો ને જીવવાની ધગશ અર્પો વિચારો આટલા બદલ્યા છો થોડા વધું દરિયા જેવા વિશાળ હૃદયી બની જુઓ..ઘેર ઘેર તકલીફને પહોંચી વળવાની ઊર્જા અર્પો પછી જુઓ આવેલી ને અટકેલી જિંદગીની ગાડી બે પાટા છે ને ચાલશે પર જરૂર દોડશે. વિચારને અભિગમ બદલો...??

**ચાલશે ભાગ - ૨. (૧૪/૪/૨૦૨૦)**

સવારના દસ વાગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીએ ફરી વધારી દીધી આ લોક ડાઉનની અવધિ.સાત સપ્તપદીના વચનો આપ્યા.

લોકોને વિનંતી કરી કે ફરી મે ૩ તારીખ સુધી ચલાવી લો ચાલશે ને અપનાવી લો.કાંઈ ખોટું નથી.આમેય આ ૪૩ ડીગ્રી માં લૂ લાગી જાય એવા તાપમાં ઘરમાંથી બહાર નીકળી માંદા પડાત ને..!

મુંબઈમાં આજુબાજુ હોસ્પિટલ ના પરિસરમાં રહેતી મારી સખી કહે છે કેટલા દિવસથી એમ્બ્યૂલન્સનો અવાજ નથી આવતો કેમ જાણો છો? કારણ ચાલશે ને અપનાવ્યા પછી...બહાર નું જંક ફૂડ બંધ...આડેધડ ચાલતા વાહનોના અકસ્માત ઓછા થઈ ગયા..પેટ્રોલને સીએનજી ના પર્યાવરણ પરના હુમલા બંધ થઈ ગયા..ચાલશે હમણાં ઘરમાં જ સારા તો...નુકશાનને પ્રદુષણથી બચી ગયા..

હવે થોડા દિવસ ઘરમાં રહેતી ને હમેશાં ઘર ચલાવતી તમારા ઘરની બે ગૃહિણીઓ બા ને બીજી પત્ની...બેન દીકરી તો પછી આવે...પણ સવારથી ઉઠી કામે વળગતી આ બે ને જરૂર સમજજો..જરૂરિયાત પડે તેને સવારથી હુકમ કરી કે ઉઠબેસ કરાવી ..પરેશાન ન કરશો..જરૂર કહેશો તું રહેવા દે...મને ચાલશે નહિતો હું કરી દઈશ.બેન ને દીકરીઓ પણ મમ્મી તો કરી લેછે કરશે ને ભૂલી જરૂર બીજા વીસ બાવીસ દિવસની કામગીરીને વહેંચી લેજો... કારણ જાણો છો....લોકડાઉનમાં સૌથી વધુ એણે માનસિક રીતે ચાલશે ને અપનાવ્યું છે.માનસિક રીતે જરૂર એને સપોર્ટ કરજો.

વિદ્યાર્થીઓ ને આ વરસે તો આગળ વધવાની તક મળી ગઈ છે...તમારી પાસે કેટલું બધું શીખવાનો સમય આવ્યો છે..ને મળ્યો છે.ફરી રામાયણને મહાભારતને જોવા ને સમજવાનો સમય મળ્યો છે...ટીવી પર જરૂર તેનો લાભ ઉઠાવશો તો ચાલશે થોડામાં ઘણું ઘણું સમજાય જશે.સારા સારા કિન્ડલ પર પુસ્તકો મળે તો ઉથલાવી કાઢશો.ઘરમાં તમારી પાસેની રમતો ને આજુબાજુ સેર કરી જરૂર બીજા ની રમતો દ્વારા ચાલશે થી જરૂર ખોટા ખર્ચા થી બચી જશો.

દૂરી ના સંબંધો કેવા સમજાવી ગયા કે માનવ તે તો પારકાના ઘર,વસ્તુ કે હુંસાતુસીને અપનાવ્યા હતા તો આજે તારે તારા ઘરને જ મહેલ માની જીવન જીવવાનો વારો આવ્યો છે...તારી તુટલી રકાબી ને જ ચાલશે કરી વહાલી કરી ચા કે કોફી કે નાસ્તો કરવાનો વારો આવ્યો છે...ચાલશે એ તો મોટો સંતોષ છે...એક સુંદર કાવ્ય યાદ આવે છે...કવિ સુન્દરમની...

એક કણ રે આપો,
આખો મણ નહિ માંગું,
એક કણ રે આપો, ભંડાર મારાં એ રહ્યાં.
એક આંગણું આપો,
આખું આભ નહિ માંગું,
એક આંગણું આપો, મારા રાજ !
આખાં રે બ્રહ્માંડ મારાં એ રહ્યાં.
એક પાંદડી આપો,
આખું ફૂલ નહિ માંગું,
એક પાંદડી આપો, મારા રાજ !
આખી રે વસંત મારી એ રહી.
એક ઘૂંટડો આપો,
આખો ઘટ નહિ માંગું,
એક ઘૂંટડો આપો, મારા રાજ !
આખા રે ૂાોવર મારાં એ રહ્યાં.
એક મીટડી આપો,
આખી પ્રીત નહિ માંગું,
એક મીટડી આપો, મારા રાજ !
આખાં રે અમૃત મારાં એ રહ્યાં.

કેટલો સંતોષ વ્યક્ત કર્યો છે ફક્ત અલ્પની જરૂર છે વિશ્વના ભંડારમાંથી...કેટલું ચાલશે

**ચાલશે ૩ ભાગ - ૩. (૦૭-૦૫-૨૦૨૦)**

ફરી ૧૭મી મે ૨૦૨૦..ને કાલથી તો બધુ જ બંધ..

કેટકેટલાય જીવોને જાણે કે એક આંચકો લાગ્યો...બધા જ મચી પડ્યા છે જુસ્સો વધારવા ને જીવનને સમતોલપણે સાચવવા.તોએ મન હવે ધીરું પડ્યું છે નહિને..?

કંઈ વાંધો નહિ શાક નહિ મળે તો..! કઠોળ તો છે ને..!ખાય લઈશું..પણ કોથમીર વગર,લીલામરચાં નું શું?

એ પણ ચાલશે ! ક્યાં સુધી કદાચ છે તેટલા કપડાં પહેરી કાઢશું ,પણ જીભ જે સ્વાદને જ ઓળખે છે તેને કેમ ચાલશે...?

પહેલાના જમાનામાં અનાજ ,મસાલા ને કઠોળ બાર મહિનાના ભરાતા,અથાણાં ને છુદો બાર મહિનાનો થતો કારણ જાણો છો..? રાજાઓ રજવાડાઓ યુદ્ધો કરતાં તેથી ક્યારે નજરકેદ થઈ જવાતું તે નહોતી ખબર..!

શાકભાજી જમીન કે ઘરની આજુબાજુની જગ્યાનો ઉપયોગ કરી વેલાને છોડવા ઊગાડવામાં આવતાં.તેથી ન તો અછત હતી ન હાડમારી.

ગામ હોયતો બાર્ટર સીસ્ટમ એટલેકે એકબીજાની ચીજોની અછત પૂરી થતી..અત્યારે જગ્યાના અભાવના બહાના હેઠળ મહિનાનું અનાજ,કઠોળને મસાલાના પેકેટ ભરાય છે પણ ઘરમાં મોઘાં વાસ,સો પીસ ને ફર્નિચરની
સગવડ થાય છે...ત્યાં ચાલશે નથી હોતું.

જરા કોરેનટાઈન ખૂલતા તરસ્યા લોકો દોડી ગયા કારણ જમા કરેલો રોજનો કોટા પૂરો થયો..એવા તૂટી પડ્યા કે કોરોના નામના રાક્ષસને જ ભૂલી ગયા,એકબીજાના ખભા પર ચઢી બેઠા...તો કોના માટે ચાલશે..?

આજે આપણી જ નજરમાં આપણે કેદ છીએ..જેને નજરકેદ કહી સકીએ..પચાસ ટકા માનવી પોતાની જાતને સમજાવી ઘરમાં છે પણ પચાસ ટકા ચાલશે માં જીવી રહ્યા છે.

ઘરમાં જે સમજીને બેઠા છે માર્ચ ૨૩થી આજ સુધી તેમનું બેઠેલું વ્યર્થ???અરે તમને કોઈ સજા નથી થઈ,આતો અણધારી આફત આવી છે તો લઢતા તો શીખવું પડશે..ચીનની આ અસ્ત્ર શસ્ત્ર વગરના યુદ્ધને આપણે પણ માત આપવાની છે..ટપોટપ દેશવિદેશમાં માનવી મચ્છરની જેમ મરે છે..તો..??
શું મરવા દેવા?? મોતતો આવવાનું જ છે જે સમયે લખાયું હશે..કોઈ રોકી નહિ સકે..! ત્યારે દોડીને કે ધક્કે ચઢીને લાવેલો નશો પણ ચાલશે..મને ન પી ,તું જઈ સકે છે એમને એમ પણ એ લેવા ગયો ત્યાં તો તું મને તેડીને લઈને આવ્યો એના કરતા મનને કહ્યું હોત તો ચાલશે.

આજે ફરી નભમાં એ ઘરેરાટી સંભળાય..નભમાં ફરી ઉડ્યું વિમાન...વિશ્વનો ઈતિહાસ રચી..તેંતાળીસ દિવસ પછી..વડોદરા..ના એરપોર્ટ પર કે અમદાવાદ ખબર નથી..શું એ બધા વિના ચાલશે.

જીવવું છે કે મરવું છે એવી ભગવાને ચેલેન્જ કરી છે...કોણ કહેશે મરવું છે અમને ચાલશે.
જયશ્રી પટેલ

# કોરોના સંકટ વચ્ચે અમદાવાદમાં સિવિલ હોસ્પિટલનો સ્ટાફ હડતાળ પર

*અમદાવાદ,તા.૮*

ગુજરાત સરકારે એકબાજુ એલાન કર્યું હતું કે રાજ્યમાં જ પીપીઈ કીટ અને માસ્ક તેમજ વેન્ટિલેટર બને છે. જેના કારણે ગુજરાતમાં તેમની અછત નહીં સર્જાઈ. પણ સરકારના આ દાવાની પોલ અમદાવાદની સિવિલ હોસ્પિટલનાં કેન્સર વિભાગના ડોકટરોએ ખોલી દીધી છે. કેન્સર વિભાગનો સ્ટાફ પીપીઈ કીટ અને માસ્કની માગ સાથે હડતાળ પર ઉતર્યા છે.

અમદાવાદમાં કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. તેવામાં કોરોના વોરિયર્સ પણ આ ચેપથી બાકાત રહ્યા નથી. અમદાવાદમાં આવેલી સિવિલ હોસ્પિટલ કેમ્પસના કેન્સર વિભાગમાં કોરોનાએ તરખાટ મચાવ્યો છે. કેન્સર વિભાગના ૪૦થી પણ વધારે ડોક્ટરો અને પેરા મેડિકલ સ્ટાફ કોરોનાની ચપેટમાં આવી ગયો છે. જે બાદ સતત કેન્સર વિભાગના ડોક્ટરો અને તંત્ર વચ્ચે રકઝક જોવા મળી રહ્યો છે.

સરકારે કેન્સર વિભાગને પણ ડેજિગ્નેટેડ કોવિડ હોસ્પિટલ તરીકે કાર્યરત કરી છે. તેવામાં આજે કેન્સર વિભાગના સ્ટાફ હડતાળ પર ઉતર્યો હતો. પીપીઈ કીટ અને માસ્ક મુદ્દે સ્ટાફ હડતાળ પર ઉતર્યા હતા. સ્ટાફ હડતાળ પર ઉતરતાં જ સિવિલ તંત્રમાં પણ દોડધામ મચી જવા પામી હતી. કેન્સર વિભાગમાં હાલ કોરોના પોઝિટિવ દર્દીઓની સારવાર ચાલી રહી છે. તેવામાં સ્ટાફ હડતાળ પર ઉથરતાં જ સિવિલ પ્રશાસન દ્વારા મેડિકલ સ્ટાફ સાથે મંત્રાણા શરૂ કરી દેવામાં આવી હતી. અને દર્દીઓને પહેલાં સારવાર મળે તે માટે સમજાવવામાં આવી રહ્યા છે.

# તમારી આસપાસ કોઇ કોરોના પોઝીટીવ છે કે નઇ જાણવા ૧૯૨૧ ડાયલ કરો

સમગ્ર રાજ્યમાં કોરોના સંક્રમણનો વ્યાય વધતો જાય છે. ત્યારે રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવા ભલામણ કરવામાં આવી છે. અત્યાર સુધી એન્ડ્રોઇન ફોનધારકો જ આરોગ્ય સેતુ એપનો ઉપયોગ કરી શકતા હતા. પરંતુ ગ્રામ્ય વિસ્તારમાં પણ કોરોનાનો વ્યાપ વધતા એન્ડ્રોઇડ સિવાયના ફિચરબેઝ ધરાવતા ફોનધારકો જાગૃત થઈ શકે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા ૧૯૨૧ ટોલ ફ્રી સેવા શરૂ કરવામાં આવી છે.

જેમાં એન્ડ્રોઇડ કે એ સિવાયના અન્ય કોઈપણ ફોન ધારકો એકવાર ૧૯૨૧ ડાયલ કર્યા બાદ ટેલીફોનિક સર્વે કરાશે. ત્યારબાદ જયારે પણ આપની આસપાસ કોઇ કોરોનાગ્રસ્ત વ્યક્તિ હશે તો આપના મોબાઈલ પર મેસેજથી જાણ કરવામાં આવશે જેનો મહત્તમ લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.




After Grand Sucsess Of "Ticket Nahi Kit" & "Yash Gatha Gujarat Ni" One Mroe Creation..Watch Tomrorow After 12:39pm On Tihai Talk Official FB Page n YouTube Channel Also..

### અરવલ્લીમાં ૧૯ વધુ કોરોનાગ્રસ્ત સાથે ૬૬ એ પહોંચ્યો આંક

# મોડાસામાં મૃતક કોરોનાગ્રસ્ત યુવકના પરિવારના ૧૪ લોકો કોરોના સંક્રમિત થતા હાહાકાર

અરવલ્લી બ્યુરો મોડાસા

મોડાસા શહેરમાં ૩૧ વર્ષીય હનીફ ઉસ્માનગની ગુજરાતી નામનો યુવક માતાને કિડનીની ગંભીર બીમારી હોવાથી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર ચાલતી હતી અગમ્ય કારણોસર યુવકની માતાને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવતા મોડાસા ખાતે ઘરે લાવ્યા ના ટૂંકા ગાળામાં મોત નિપજતા મોડાસામાં અંતિમવિધિ કરવામાં આવી હતી ૭ દિવસ પછી હનીફ ગુજરાતી ની તબિયત લથડતા કોવીડ-૧૯ હોસ્પિટલમાં ખસેડાયો હતો યુવકને શંકાસ્પદ કોરોનાના લક્ષણો જણાતા યુવકનો કોરોનાનો રિપોર્ટ પોઝેટીવ આવ્યોના ગણતરીના કલાકોમાં મોતને ભેટતા ચકચાર મચી હતી કોરોનાથી મોત સામે જંગ હારી જનાર યુવક અજાણતા જ કોરોનાનો સુપર સ્પ્રેડર હોય તેમ તેના પિતા,બે ભાઈ,૩ ભાભી, બહેન, ભત્રીજી-ભત્રીજો અને તેના ભાઈના સાસરીપક્ષના ૪




લોકો મળી ૧૪ લોકો કોરોનાનો ભોગ બનતા તમામ કોરોનાગ્રસ્ત દર્દીઓને સારવાર અર્થે કોવીડ હોસ્પિટલમાં ખસેડાયા હતા

આરોગ્ય તંત્રે યુવકના સંપર્કમાં આવેલા પરિવારજનોને કોરન્ટાઈન કરી કોરોનાનો રિપોર્ટ કરાવતા બુધવારે ૪ અને ગુરુવારે વધુ ૧૦ પરિવારના સદસ્યોનો કોરોના રિપોર્ટ પોઝેટીવ આવતા હાહાકાર મચ્યો છે યુવકની માતાની અંતિમ વિધિમાં જોડાયેલા અને સંતાવના આપવા પહોંચેલા સગા-સંબંધીઓ અને સમાજના લોકોમાં ફફડાટ ફેલાયો છે આરોગ્ય તંત્રએ મોડાસા શહેરને વુહાન બનતું અટકાવવા કોરોનાની ચેન તોડાવી લોઢાના ચણા ચાવવા બરાબર હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે આરોગ્ય તંત્રે યુવક અને યુવકની માતાના સંપર્કમાં આવેલા લોકોની કોન્ટેક્ટ હિસ્ટ્રી મેળવી કોરન્ટાઈન નહિ કરે તો મોડાસા શહેરમાં કોરોના તાંડવ મચાવશે યુવકના સંપર્કમાં આવેલ એક રેડીયોલોજીસ્ટ અને અન્ય તબીબ અને આરોગ્યલક્ષી કર્મચારીઓ હોમ કોરન્ટાઈન થયા હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી મૃતક યુવકના સંક્રમિત થયેલા પરિવારજનો અને સગા-સંબંધીઓ શહેરની લઘુમતી વિસ્તારની અલગ-અલગ રહેણાંક વિસ્તાર અને સોસાયટી વિસ્તારમાં રહેતા હોવાથી લઘુમતી સમાજના લોકો કોરોનાના ભયથી ફફડી ઉઠ્યા છે

અરવલ્લી જિલ્લામાં કોરોનાએ અજગરી ભરડો લીધો હોય તેમ રોજે રોજ કેસોમાં વધારો થતો જાય છે. જેના કારણે જિલ્લાના લોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે.ગુરુવારે વધુ ૧૯ લોકો કોરોનાથી સંક્રમિત બન્યા હતા જેમાં મોડાસામાં ૧૨, ટીંટીસર, તરકવાડા અને ટીંટોઈ મળી ૧૯ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધી કોરોના કુલ-૬૬ કેસ નોંધાયા છે. ઉલ્લેખનીય છે કે મોડાસામાં કોરોનાથી યુવકનું મોત નિપજ્યું હતું પરંતુ આ યુવક અજાણતા જ કોરોનાનો સુપર સ્પ્રેડર હોય તેમ મોડાસાના લઘુમતિ વિસ્તારમાં જ મોટાભાગના કેસ નોંધાયા છે.

અરવલ્લી જિલ્લામાં ગુરૂવારના રોજ એક સાથે વધુ ૧૯ કેસ નોંધાયા હતા. જિલ્લામાં કોરોનાથી લોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે ત્યારે અરવલ્લીમાં કોરોના કેસ આવવા પાછળ તંત્રની સાથે લોકો પણ એટલા જ જવાબદાર છે. એક સાથે અધધ કેસ વધી જતાં જિલ્લાનું તંત્ર પણ ઉંધા માથે પછડાયું છે.

કોરોનાનો કહેર દિવસે ને દિવસે ખૂબ જ વધી રહ્યો છે. ત્યારે અમદાવાદ અને રાજસ્થાનની વચમાં પીસાયેલ અરવલ્લીમાં બંને બાજુથી આવનાર લોકો કોરોના લઈને આવી રહ્યા હોવાનું મનાઈ રહ્યું છે. જિલ્લામાં લોકડાઉન ૧ થી લઈને લોકડાઉન ૩ સુધીમાં અધધ કહી શકાય એટલા કેસોમાં વધારો થયો છે. પ્રથમ વખતે એક સાથે ૯ કેસ વધી ગયા હતા છતાં તંત્ર અને લોકોની ઢીલી નિતિને કારણે જિલ્લામાં ઉત્તરોત્તર કેસોમાં વધારો થયો છે. ત્યારે બુધવારના રોજ એક સાથે ૨૫ કેસ અને ગુરુવારના રોજ ૧૯ કેસ પોઝીટીવ આવતાં જિલ્લાવાસીઓ રીતસરના ફફડી ઉઠ્યા છે પરંતુ હજુ જાગૃત થયા હોય તેવું લાગતું નથી.

### કેશોદ શહેરમા કોવીડ-૧૯ ના લોકડાઉનમા નગરપાલિકા કચેરી ચિંતામુક્ત

# સોશ્યલ ડીસ્ટન્સ જાળવવાની અને હોમ કવોરન્ટાઈન વિસ્તારોમા સેનેટાઈઝ કરવામા હાથ ઉચા કરતી સુધરાઈ




કેશોદ

સમગ્ર રાજ્યમાં કોવીડ-૧૯ નાં સંક્રમણ થી ફેલાતો અટકાવવા માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ કાર્યવાહી હાથ ધરવા જવાબદાર કચેરી ખાતે હુકમો અને પરિપત્રો ઠરાવો કરવામાં આવે છે જેની નકલો જીલ્લા કલેકટર દ્વારા નગરપાલિકા કચેરીમાં ચીફ ઓફિસર ને પણ અમલવારી માટે મોકલવામાં આવે છે ત્યારે કેશોદ નગરપાલિકા દ્વારા કાર્યવાહી હાથ ધરવા ને બદલે વંચાણે લઈને કોવીડ-૧૯ ની ફાઈલ મોટી કરવામાં આવે છે. કેશોદ શહેરમાં હજુ સુધી એકપણ કોરોના પોઝીટીવ કેસ સદનસીબે નોંધાયો નથી ત્યારે બહારગામથી વતન પરત આવતાં વ્યક્તિઓ ની સંખ્યા દિવસે ને દિવસે વધી રહી છે જેથી સમગ્ર કેશોદ શહેરમાં શહેરીજનો માં દહેશત વધારે છે. અત્યારની કફોડી સ્થિતિમાં તમામ કચેરીઓ નાં વડાઓ અને કર્મચારીઓ યોધ્ધા બની કોરોના વાયરસ ફેલાતો અટકાવવા માટે લડાઈ લડી રહ્યા છે ત્યારે કેશોદ નગરપાલિકા કચેરી દ્વારા જાણે નિયમિત કાર્યવાહી સીવાય અન્ય કાર્યવાહી હાથ ધરવા ની ન હોય તેમ અલિપ્ત રહે છે. કેશોદ શહેરી વિસ્તારોમાં અંદાજે ત્રણસોથી વધારે વ્યક્તિઓ બહારગામથી વતન પરત આવેલાં છે અને સરકારી દવાખાનામાં તપાસ કરી હોમ કવોરન્ટાઈન કરવામાં આવેલ છે જે સંખ્યામાં દરરોજ વધારો થાય છે. હોમ કવોરન્ટાઈન કરવામાં આવેલ વ્યક્તીઓ નાં રહેણાંક વિસ્તારમાં સેનેટાઈઝ કરવાની કામગીરી કેશોદ નગરપાલિકા દ્વારા કરવાને બદલે આલીયા તેલીયા ઓ ની ખુશામત કરવા માટે અને રાજકીય વ્યક્તિ પોતાના વિસ્તારમાં ચૂંટણી લક્ષી કામગીરી બતાવવા બિનજરૂરી દવા વાળાં પાણીનો વેડફાટ કરે છે. જુનાગઢ જિલ્લો ગ્રીન ઝોનમાં આવેલ છે ત્યારે ધંધા રોજગાર શરૂ કરવા વધારે છુટછાટ આપવામાં આવી છે ત્યારે વેપારીઓ નાં ધંધા રોજગાર નાં સ્થળોએ સોશ્યલ ડીસ્ટન્સ જળવાતું ન હોય તો રાજ્યની ઘણી નગરપાલિકા દ્વારા સીલ કરવાથી લઈને પરવાનો રદ કરવા સુધીની કાર્યવાહી કરેલ છે. કેશોદ નગરપાલિકા નાં ચીફ ઓફિસર કે અન્ય કર્મચારીઓ દ્વારા દોઢ મહિના જેવાં લાંબા લોકડાઉપ માં એસી ચેમ્બર બહાર નીકળી પગલાં લેવામાં આવ્યાં નથી. નગરપાલિકા વિસ્તારમાં બાંધકામ ચાલુ કરવા સામે પ્રતિબંધ મૂક્યો છે ત્યારે કેશોદ શહેરમાં બેરોકટોક બાંધકામ નાં કામો ધમધમી રહ્યા છે ત્યારે જવાબદાર ચીફ ઓફિસર દ્વારા રોકવામાં કે પગલાં ભરવામાં ન આવતા છુટો દોર મળી ગયો છે. રાજ્ય સરકાર દ્વારા કેશોદ નગરપાલિકા દ્વારા વિવિધ યોજનાઓ માં જોડીને લાભાર્થીઓને વધુ લાભ અપાવવાને બદલે વંચિત રાખવાનાં બદઈરાદાથી પુરતાં પ્રમાણમાં જાહેરાતો કરવામાં આવતી નથી. ગૂજરાત અને અન્ય રાજ્યોનાં હોટસ્પોટ વિસ્તારોમાં થી વતન પરત આવતાં સંખ્યા અધધ વધી રહી છે જેથી સમગ્ર શહેરીજનો દહેશત નાં પગલે ચિંતાગ્રસ્ત છે. સ્થાનિક નગરપાલિકા દ્વારા છેલ્લાં તબક્કામાં આળસ ખંખેરીને નક્કર કામગીરી હાથ ધરવામાં આવશે નહીં તો આવનારાં દિવસોમાં કેશોદ શહેરમાં કોરોના વાયરસ ફેલાય એવી શક્યતાઓ તંત્રનાં વાંકે નજરે પડે છે.




### ખોટા પાસ લઈને ફરશો તો ભારે પડશે, પાસ વિના અન્ય જિલ્લામાં લોકો ન જાય

# રાજસ્થાન બોર્ડર સીલ કરાઈ, દૂધના કેનમાં મસાલાની હેરાફેરી થાય છે : ડીજીપી

*ગાંધીનગર,તા.૮*

રાજયના પોલીસ વડા શિવાનંદ ઝાએ પ્રેસ કોન્ફરન્સ કરીને જણાવ્યું કે, રાજસ્થાનની બોર્ડર સીલ કરી દેવામાં આવી છે. રાજસ્થાનમાં જવા માટે જરૂરી જિલ્લા કલેક્ટર અને ગૃહવિભાગની મંજૂરી જરૂરી છે એટલે તેમની મંજૂરી વગર પ્રવેશ મળશે નહીં. એટલે રાજસ્થાન જવા માગતાં લોકો રાજસ્થાનના જિલ્લા કલેક્ટર અને જરૂરી તંત્ર પાસે પાસ લઈને જ રાજસ્થાન જવા રોડ મારફતે જઈ શકશો.



લોકડાઉન દરમિયાન પ્રતિબંધિત વસ્તુઓની હેરફેર ઉપર પણ પોલીસ નજર રાખી રહી છે. હાલમાં પોલીસ દ્વારા ગેરકાયદેસર પાન-મસાલાના વેચાણના ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે. રાજકોટ ગ્રામ્યમાં દૂધના કેનમાં પાન-મસાલાની હેરાફેરીને પકડી પાડવામાં આવેલ છે. અમરેલીના લાઠીમાં આંતર જિલ્લા મુવમેન્ટ માટે નકલી પાસ બનાવવાની ઘટના સામે આવી છે. અમરેલીમાં ગેરકાયદે ઘૂસવા માટે બે વ્યક્તિઓ દ્વારા નકલી પાસ બનાવવામાં આવ્યો હતો. પોલીસ ઓફિશિયલ પાસ ચેક કરી રહી છે. જેથી પાસ વગર એક જિલ્લામાંથી અન્ય જિલ્લામાં જવા માટે પ્રયત્ન ન કરવો.કોરોનાના સંક્રમણથી મોટી સંખ્યામાં પોલીસ કર્મીઓ સ્વસ્થ થઈને ફરજ પર પરત ફરી રહ્યા છે. અત્યાર સુધી કુલ ૬૭ પોલીસકર્મીઓ કોરોનાને મ્હાત આપીને ફરજ પર પરત ફર્યા છે. ૬૦૧ પોલીસ કર્મીઓએ હોમ ક્વોરન્ટાઈનો સમયગાળો પૂર્ણ કરેલ છે. તો ડિટેઈન કરેલ વાહનો પૈકી અત્યાર સુધી ૨ લાખથી પણ વધારે વાહનો મુક્ત કરી દેવામાં આવ્યા છે. ગઈકાલે સીસીટીવીના આધારે ૧૮ ગુનાઓ દાખલ કરી ૧૯ લોકોની ધરપકડ કરવામાં આવેલ છે.

### NO-ENTRYના પાટીયા મારી દેતા કેટલાય લોકો અટવાયા

# રાજસ્થાનની ગેહલોત સરકાર અરવલ્લી બોર્ડર પર યાત્રિકોને પજવી રહી છે

મોટી ઈસરોલ, ત.૮

રાજયમાંથી પરપ્રાંતીયોના વતન વાપસીની પ્રક્રિયા પુરજોશમાં છે. સુરતથી લઈને રાજસ્થાન બોર્ડરસુધી અને કચ્છથી લઈને મધ્યપ્રદેશ બોર્ડરસુધી ઠેરઠેર પરપ્રાંતીયો વાહનોમાં અને વિશેષ રેલગાડીઓમાં વતન ભણી ચાલ્યા છે. જોકે, રાજસ્થાન બોર્ડર પર આજે સ્થિતિ વણસી ગઈ છે. રાજસ્થાન સરકારે અચાનક પલટી મારી હોય તેમ પોતાના અને બહારના રાજયના લોકોને અરવલ્લી બોર્ડર પરથી પ્રવેશ આપવાનું બંધ કરી દેતા હોબાળો થયો હતો.



.પ્રાપ્ત અહેવાલો મુજબ અરવલ્લી બોર્ડર પર પરપ્રાંતીયોના ટોળેને ટોળા વળ્યા છે. ગાડીઓની લાંબી લાંબી કતારો જોવા મળી રહી છે. પોલીસે સરકારની પરવાનગીનું બહાનું આપીને જાણે લોકોને રીતસરના રઝળાવી દીધા હોય તેવો માહલો છે. અહીંયા વાહનોની કતારોમાં અટવાયેલા લોકો ૪૩ ડિગ્રી ગરમીમાં શેકાઈ રહ્યા છે. આ લોકો પોતાના વતનમાં જવા માંગે છે. પોલીસ કહી રહી છે કે સરકારે ૬ મે પછીના પાસધારક વાહનના પ્રવેશ પર પ્રતિબંધ લગાવ્યો છે એક બાજુ કોરોના અને બીજી બાજુ રોજગારી ગુમાવેલા પરપ્રાંતિયોએ હિજરત આણી છે. વતનભણી રહેલા આ મજબુર હિજરતીઓને પડ્યા માથે પાટું જેવો ઘાટ સર્જાયો છે. રાજસ્થાનની ગેહલોત સરકાર અરવલ્લી બોર્ડર પર યાત્રિકોને પજવી રહી છે.

સરકાર પાસધારકને પ્રવેશ નથી આપી રહી અને પોલીસ કારણ પણ સ્પષ્ટ નથી કરી રહી. હાલમાં તો રોડની બંને બાજુ માંડવા બાંધી દેવામાં આવ્યા છે.

### અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે

# COVID-19ની સારવાર લઈ રહેલા દર્દીઓને હર્બલ ટી અપાય છે

ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા કોરોના વાઈરસનો સામનો કરવા તેમજ તેના સંક્રમણને કાબૂમાં લેવાના હેતુસર COVID-19ના દર્દીઓની રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરવા માટે તેમને દરરોજ હર્બલ ટી આપવાનું સૂચવવામાં આવ્યું છે

પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદી પણ અવાર નવાર દેશ વાસીઓને રોગ પ્રતિકારક શકિત વધારવા આયુષ મંત્રાલય ના સૂચવેલા ઉપાયો અપનાવવા અનુરોધ કરતા રહે છ

ગુજરાત માં પણ મુખ્ય મંત્રીશ્રી વિજય ભાઈ રૂપાણી એ નાગરિકોની રોગ પ્રતિકારક શકિત વધે તેવી આદતો અને આયુર્વેદ ઉપાયો જે આયુષ મંત્રાલયે સૂચવ્યા છે તે માટે પ્રજાજનોમાં વ્યાપક જાગૃતિ લાવવા તંત્ર ને પ્રેરિત કરેલું છે . અમદાવાદ સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા COVID-19ની સારવાર લઈ રહેલા દર્દીઓને તદનુસાર રાજ્ય સરકાર દ્વારા તા.૩૦ એપ્રિલથી સૂંઠ, મરી, તજ, ફૂદીનો, લીબુ, કાળી દ્રાક્ષ અને દેશી ગોળના મિશ્રણયુક્ત આયુર્વેદિક ચા-હર્બલ ટીનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે

મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી અને સમગ્ર ગુજરાતમાં કોરોના વાયરસ સંદર્ભે દેખરેખ માટે જેમની ખાસ નિમણૂંક કરાઈ છે તેવા શ્રી પંકજ કુમારે જણાવ્યું હતું કે કે, વૈશ્વિક મહામારી COVID-19નો સામનો કરવા માટે રાજ્ય સરકાર દ્વારા તમામ જિલ્લાઓમાં COVID-19ની હોસ્પિટલો શરૂ કરવામાં આવી છે, ત્યારે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે પણ ૧૨૦૦ બેડની અલાયદી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે .

અહીં દર્દીઓને નોવેલ કોરોના વાઈરસની સારવાર આપવામાં આવી રહી છે.

આ તમામ દર્દીઓને એલોપથીની સારવારની સાથોસાથ તેમની રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરવા માટે (દશમૂલ ક્વાથ + પથ્યાદિ ક્વાથ) ૪૦ મિલી તેમજ એક ગ્રામ ત્રિકટુ મિશ્રિત ઉકાળો સવાર-સાંજ આપવામાં આવી રહ્યો છે ઉપરાંત, દર્દીઓ માટે નિયત ડાયેટ પ્લાન પણ લાગુ કરવામાં આવ્યો છ

જેથી તેમની રોગપ્રતિકારક શક્તિમાં શક્ય તેટલી ઝડપથી વધારો કરી શકાય. આ સિવાય, વધારાની તકેદારીના ભાગરૂપે હર્બલ ચાનું વિતરણ પણ શરૂ કરવામાં આવ્યું છે. અહીં રોજ સવારે છ વાગ્યે તમામ દર્દીઓને હર્બલ ટી આપવામાં આવે છે. ગળામાંનું ઈન્ફેકશન ઘટાડવાની સાથે સાથે રોગ પ્રતિકારક શક્તિ વધારવામાં આ હર્બલ થી ખૂબ ઉપયોગી પુરવાર થઈ છે.

સૂંઠ, મરી, તજ, ફૂદીનો, લીબુ, કાળી દ્રાક્ષ અને દેશી ગોળના મિશ્રણયુક્ત આયુર્વેદિક ચા-હર્બલ ટી આપવામાં પાંચ મિનિટ પણ મોડું થાય તો દર્દીઓ તરત માંગણી કરે છે કે હર્બલ ટી આપો. તે જ પુરવાર કરે છે કે આ હર્બલ ટી ફાયદાકારક છે એવું તેઓ પણ માને છે..'

અહીં સારવાર લઈ રહેલા એક દર્દી પણ આ હર્બલ ટી ફાયદાકારક હોવાનું જણાવી કહે છે કે ' અમે જ્યારથી હર્બલ ટી પીવાનું શરૂ કર્યું છે ત્યારથી શરીરમાં એક પ્રકારની નવી ચેતનાનો સંચાર થયો છે અમે સ્પષ્ટ માનીએ છીએ કે અન્ય એલોપેથિક દવાઓની સાથે સાથે આ હર્બલ ટી ના પ્રયોગથી અમારી રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થયો છે...' એમ તેઓ ઉમેરે છે.રાજ્યના અન્ય નાગરિકો પણ પોતાના ઘરે આ હર્બલ ટીનું સેવન કરીને રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરી શકે છે.

ઘરે હર્બલ ટી કેવી રીતે બનાવશો? (૧૦૦ મિલી ચા માટે)

તજ – ૧ ગ્રામ, મરી – ૩ નંગ, સૂંઠ – ૧ ગ્રામ, મુન્નકા (કાળી) દ્રાક્ષ – ૧૦ નંગ, તુલસી/ફૂદીનાનાં પાન – ૨૦ નંગ, દેશી ગોળ – ૫ ગ્રામ, લીબુ – અડધી ચમચી.

આ પ્રકારે બનાવેલી આયુર્વેદિક ચાનું દરરોજ સવારે સેવન કરવાથી રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે.



**ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા શહેર માં સેક્તરો માં ૬૦.૦૦૦ થી વધુ ઘરો મા આયુર્વેદિક દવાઓ નું વિતરણ સેકટર ૨૪ થી શરૂ કરવામાં આવ્યું છે..મેયર રીટાબેન કેતન કુમાર પટેલ ના માર્ગદર્શન હેઠળ તમામ કોર્પોરેટર ને પોતાના વિસ્તાર માં તાકીદ કરવામાં આવી છે.સવાર સાંજ બે ગોળી એમ ચાર દિવસ સુધી લઈ ને આં કોર્સ તમામ ઘરના લોકો એ પૂરો કરવાનો રહેશે.**

## શ્રમિકો ની વાસ્તવિકતા



પરપ્રાંતિય મજૂરોને વતનમાં જવું છે કારણ કે શેઠ અડધો પગાર આપવાની પણ ના પડે છે .. !! ફેકટરીઓમાં રહેવાની ઓરડીઓ ખાલી કરાવી છે . આજુબાજુ માં ભાડે રહેતાં હોય તો મકાન માલિક ઘર ખાલી કરાવે છે .. ખિસ્સામાં પૈસા નથી . લઈ આવનાર કોન્ટ્રાકટર નો પત્તો નથી . કમાવા આવ્યાં છે પણ મરવું વતનમાં છે .. આ વ્યથા કોણ સાંભળે ??હવે તો રાજકારણને તડકે મુકો ...

## શ્રધ્ધાંજલી



રામોલ હાથીજણ વોર્ડ પૂર્વ મહામંત્રી પૂર્વ અમદાવાદ શહેર બક્ષીપંચ મંત્રી કારોબારી સભ્ય નિષ્ઠાવાન કાર્યકર્તા કેતનભાઈ પ્રજાપતિ નું અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કોરોના ની સારવાર દરમિયાન દુઃખદ નિધન થયેલ છે.રામોલ હાથીજણ વોર્ડ ભારતીય જનતા પાર્ટી વર્ષો સુધી પાર્ટી ની સેવા કરનાર નિષ્ઠાવાન મિલનસાર વ્યક્તિત્વ,કર્તવ્યનિષ્ઠ -કર્મઠ કર્મયોગી ગુમાવ્યો પરમપિતા પરમાત્મા સદગત આત્મા ને શાંતિ અર્પે. અકલ્પિત આ દુઃખદ ઘડી માં પરિવાર ને ભગવાન શક્તિ અર્પે.. તેવી પ્રાર્થના ઓમ. શાંતિ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.